નવા વિચારોનું નવુ માધ્યમ...
SOHAM 24
સત્યમેવ જયતે
Soham24
# સોહમ્ ૨૪
સાપ્તાહિક
સુરેન્દ્રનગરનું લોકલ અખબાર
વર્ષ : ૯ અંક : ૩૫ તા.૦૩-૧૦-૨૦૨૪ ( પાના : ૧૨) ગુરૂવાર છૂટક કિંમત રૂ.૫ | તંત્રી : રોહિતભાઈ જી.પરમાર, સહ તંત્રી : અવધેશભાઈ ત્રિવેદી
કોન્ટેક નંબર . ૯૦૩૩૩૦૦૩૪૫ / ૯૮૨૫૮૯૯૬૮૦ www.soham24.com - Email: soham24info@gmail.com

## નમસ્તે સુરેન્દ્રનગર

### સુરેન્દ્રનગરમાં રોટરી કલબ ઓફ વઢવાણ દ્વારા ચેકઅપ કેમ્પ યોજાયો




સુરેન્દ્રનગર :

રોટરી ડિસ્ટ્રીક ૩૦૬૦ **Early Cancer Detection Camp** અંતર્ગત રોટરી કલબ ઓફ વઢવાણસીટી દ્વારા ઓરલ હેલ્થ ચેકઅપ, ક્લોનસ્ક કોપી ચેક-અપ, મેમો ગ્રાફી અને પેપ સ્મેયર ચેકઅપ કેમ્પનું આયોજન તા. ૨૬-૦૯-૨૪ના રોજ કરવામાં આવ્યું.

આ કેમ્પમાં ડૉ. પ્રતિક ડેન્ટલ ક્લિનિક માં ૮ ઓરલ કેન્સર ચેકઅપના ટેસ્ટ કરવામાં આવ્યાં. આ ઉપરાંત લોનસ્ક કોપી ચેકઅપ માટે ડૉ. મનીષ પંડયાના ક્લિનીક માં ૧૨ ટેસ્ટ કરવામાં આવ્યાં. તેમજ મેમોગ્રાફી અને પેપ સ્મેયર ચેકઅપ સી.યુ.શાહુ મેડીકલ કોલેજ અને હોસ્પિટલમાં કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૮ મેમોગ્રાફી સ્ક્રીનીંગ અને ૩૦ પેપ સ્મેયર સ્ક્રીનીંગ કરવામાં આવ્યા હતા.

આ પ્રોજેકટને સફળ બનાવવા રોટરી કલબ ઓફ વઢવાણ સીટીના પ્રેસિડન્ટ હીતા જાની, સેક્રેટરી ડો. અશ્વિન ગઢવી, ક્રિષ્ના પટેલ,મિત્તલ મહેતા, રૂતિકા કાવાણી, કિન્નરી ખારોડ, પ્રજ્ઞાબેન પરમાર તેમજ મેમ્બરો, તથા ડૉ. પ્રતિક શાહ, ડૉ. મનીષ પંડયા અને સી.યુ. શાકુ મેડીકલ કૉલેજના ડીન ડૉ.રીનાબેન ગઢવી તેમજ તેમની ડોક્ટરોની ટીમે જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## હરીપર નજીકથી ત્યજી દીધેલ હાલતમાં નવજાત બાળકી મળી


સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રાના હરીપર નજીકથી ત્યજી દીધેલ હાલતમાં નવજાત બાળકી જમીનમાં દાટેલી હાલતમાં મળી આવતા ખળભળાટ મચી ગયો છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં માતાએ માનવતા નેવે મૂકી હોઈ તેવો કિસ્સો સામે આવી રહ્યા છે.આ બનાવમાં નવજાત બાળકીએ જીવતી દાટી માતાનો ગુમ થયાનું સામે આવ્યુ છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ચાર દિવસમાં ત્યજી દીધેલી બાળકીઓ મળવાનો આ બીજો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ હરીપર ગામની સીમમાં માલધારીઓ ઢોર ચરાવી રહ્યા હતા તે દરમિયાન ત્યજી દીધેલી હાલતમાં નવજાત બાળકી મળી આવી હતી. કોઈ અજાણી મહિલાએ બાળકીને જન્મ આપી અને ત્યજી દીધી હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પોલીસે બાળકીનો કબજો લઈ સારવાર માટે ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. બાળકીના વારસદારો કોણ છે ? તે મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. આમ, સુરેન્દ્રનગર જિલ્લામાં તાજી જન્મેલી બાળકીઓ મળી આવવાના બનાવો વધતા સમાજમાં ચિંતાનો વિષય બન્યો છે.

## રોડ રસ્તાની સમસ્યાથી લોકો ત્રસ્ત, નેતાઓ મસ્ત




સુરેન્દ્રનગર શહેર ખાડા નગરથી જાણીતુ નગર બની ગયુ છે. હાલ સુરેન્દ્રનગર દૂધરેજ વઢવાણ સંયુકત નગરપાલિકા મહાનગરપાલિકાની વાતો થઈ રહી છે. રોડ-રસ્તા પાછળ લાખો કરોડો રૂપિયાની ગ્રાંટ વાપરવામાં તો આવે છે. પરંતુ શહેરીજનોની સમસ્યા તો જે સે થે રહે છે. તો પછી સવાલ થવો વ્યાજબી છે કે, લાખો કરોડો રૂપિયાની ગ્રાંટનો રૂપિયો કયાં જાય છે ?

સુરેન્દ્રનગર જનતાના પરસેવાની કમાણી લોકો ટેકસ રૂપે પાલિકામાં તો ભરે છે. તેમ છતાં શહેરીજનોને સુવિધા પુરી પાડી શકતી નથી. આ જનતાના ટેકસના રૂપિયાનો વ્યય થતો હોય તેમ લાગી રહ્યુ છે. કારણે શહેરીજનોને તો સારા રસ્તાની સુવિધાઓ આજ દિન સુધી પ્રાપ્ત થઈ નથી. કેટલાંક કિસ્સાઓમાં રોડ રસ્તા ઉપર પેચવર્ક કરીને સંતોષ માનવામાં આવે છે. સુરેન્દ્રનગર શહેરમાં સામાન્ય વરસાદમાં જ રસ્તાઓના ધોવાણ થઈ જતા રોડ રસ્તાના કામોમાં મસમોટો ભ્રષ્ટાચાર થતા હોવાના આક્ષેપો પણ વારંવાર કરવામાં આવતા હોવા છતા સુરેન્દ્રનગર વાસીઓ આજ દિન સુધી સારા સ્વચ્છ રસ્તાઓથી શહેરીજનો વંચીત રહ્યા છે.

રસ્તાનો પાલિકા દ્વારા કોન્ટ્રાકટ આપવામાં આવે છે. તેમા દર્શાવવામાં આવેલ શરતોનું કોન્ટ્રાકટરો પાલન કરી રહ્યા છે કે નહી તેની જવાબદારી કોની ? રસ્તાની ગુણવતા બાબતે શહેરીજનોમાંથી ઉઠતી ફરિયાદો બાબતે કેમ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આવા તો અનેક સવાલો છે જેનો આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

સુરેન્દ્રનગર શહેરને હરીયાળુ નગર બનાવવાના સ્વપ્ન તો શહેરીજનોને બતાવવામાં આવે છે. પરંતુ રાજકીય આગેવાનો દ્વારા બતાવવમાં આવતા સ્વપ્ન સ્વપ્ન જ બની રહે છે... અને વાસ્તવીકતા તો કંઈક અલગ જોવા મળે છે.

બીજી બાજુ શહેરમાં ઉડતી ધૂળ અને ખરાબ રસ્તાઓના કારણે લોકોના આરોગ્યને પણ અસર ઉભી કરે છે. તેમજ સાથે વાહનોનું નુકશાન પણ સહન કરવુ પડી રહ્યુ છે. શહેરમાં એકબાજુ વાહનોની સંખ્યામાં વધી રહી છે. તો બીજી બાજુ ખરાબ રસ્તાની સમસ્યા શહેરીજનોના માથાના દુઃખાવા સમાન બની છે. તંત્રના આલા અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસી સમસ્યા સાંભળે તો છે... પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ જાય છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક

જાહેર ખબરના ભાવ

બ્લેક એન્ડ વ્હાઈટ (અંદરના પાને)




અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.

ફોર કલરના ભાવ

અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી.

ટચુકડી જાહેરાત — ૩૦ શબ્દોની મર્યાદામાં ફીકસ રૂ.૧૦૦/-
(ટચુકડી જાહેર ખબર મંગળવાર સાંજ સુધી)

કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.
Mo. 75750 20982 Email : soham24info@gmail.com

# આજથી સુરેન્દ્રનગર અખબારી જગતમાં નવા આયામ સાથે...

વાંચન પ્રિય જનતા માટે અમે લાવ્યા છે. એક એવુ અખબાર જે આપને વાંચવુ ગમશે.. તે છે અમારી ગેરંટી...

આજથી સુરેન્દ્રનગર મિડીયા જગતમાં એક નવા આયામ અને નવા વિચારો સાથે અમે અને અમારી ટીમ આપ સુધી પહોંચીશુ, અને લોકોનો અવાજ તંત્ર સમક્ષ પહોંચાડવાનું માધ્યમ બનીશુ...

ગુજરાતીમાં પત્રકારત્વનો અર્થ આ રીતે કહી શકાય – પત્રથી પત્રકાર અને પછી પત્રકારત્વ. એટલે કે લેખન, સંપાદન, પ્રકાશન અને પ્રસારણ કે પ્રસ્તુતિકરણ દ્વારા થતી માહિતીની આપ-લે એટલે પત્રકારત્વ. જ્ઞાન પ્રત્યેની ઉત્કંઠા, મનન-ચિંતન અને અભિવ્યક્તિની આકાંક્ષાએ ચિત્રો, અક્ષરો તથા શબ્દોને જન્મ આપ્યો તેવી જ રીતે એ ચિત્રો, અક્ષરો તથા શબ્દોએ જોતજોતામાં પત્રકારત્વનું રૂપ ધારણ કર્યું છે. પત્રકારત્વ પ્રત્યાયન પણ છે, બંને એકબીજા સાથે જોડાયેલા છે. પત્રકારત્વનાં મૂળમાં માહિતી કે જાણકારીનું આદાન-પ્રદાન છે. પત્રકારત્વ પાંચ હજાર વર્ષથી પણ વધુ પુરાણું છે. આદિમાનવકાળ જેટલું ઐતિહાસિક છે. માનવ જીજ્ઞાસા અને રસની વૃત્તિ પાછળ પત્રકારત્વના ઉદ્‌ભવ અને વિકાસની કથા છે. પત્રકારત્વ પાંચમો વેદ છે. ઉતાવળે લખાતું સાહિત્ય છે. પત્રકારત્વ સંસ્કૃતિ, સભ્યતા અને સ્વતંત્રતાનો અગ્રદૂત પણ માનવામાં છે. દીર્ઘદ્રષ્ટિ પ્રદાન કરનાર છે. એ કળા છે. એ જનસેવા છે. જનતા – જનપ્રતિનિધિ વચ્ચેનો સેતુ છે. પ્રજા અને પ્રશાસનને જોડતી કડી છે. પત્રકારત્વનો મૂળ ઉદ્દેશ્ય સૂચના, શિક્ષણ અને મનોરંજન છે. સત્યમ, શિવમ અને સુંદરમની અભિવ્યક્તિ પણ છે. પત્રકારત્વનો અર્થ ચોક્કસ વ્યાખ્યામાં રજૂ કરવો અશક્ય છે. આજે પત્રકારત્વના માધ્યમો અખબાર અને પત્રિકાઓ પૂરતા સીમિત ન રહેતા રેડિયો, ટેલિવિઝન, વેબસાઈટ, સોશિયલ મીડિયા વગેરે સુધી વિસ્તરી ગયા છે. દુનિયાભરની માહિતી હોવા છતાં આજે પણ ઘણા એકબીજાને મળે એટલે પૂછે છે શું છે નવીનમાં? શું ખબર? છે કઈ સમાચાર? આ પત્રકારત્વની પરિભાષા છે.

ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાવાસીઓની જનતાના વિચારોને ધ્યાને રાખી પ્રિન્ટ મીડીયાનું નવુ સોપાન.. સોહમ્૨૪ સાપ્તાહિક... અમે લાવ્યા છીએ. જેમાં લોકોના વિચોરોને મિડીયાની પરિભાષામાં ઉજાગર કરવા અમે બનીશુ માધ્યમ.. આ અખબારમાં આપને મળશે આધુનિકતાની ઝલક, ડિઝીટલ માધ્યમને સાથે લઈને ચાલતુ એકમાત્ર અખબાર, સમય સાથે જમાનો પણ દલાયો છે. વાંચક વર્ગની દ્રષ્ટી પણ બદલાઈ છે. તો પછી નવા જમાના સાથે કદમ મિલાવી સાથે ચાલીશુ... બસ આપ સર્વે વાંચકોનો સાથ અને સહકાર મળતો રહે... અને આગામી દિવસામાં સુરેન્દ્રનગર વાંચન પ્રિય જનતા માટે હંમેશા કંઈ નવુ આપવાનો પ્રયત્ન કરતા રહીશુ.

અમને વિશ્વાસ છે કે, અમારૂ આ અખબાર આપની સમસ્યાઓને ઉજાગર કરવામાં મદદરૂપ થશે. સુરેન્દ્રનગર જિલ્લાની અનેક સમસ્યાઓ છે. તેમા કેટલીક સમસ્યાઓ વિટંબણા ઉજાગર થતી નથી. તેવી સમસ્યાઓને મિડીયાની અલગ પરિભાષામાં ઉજાગર કરવામાં મદદરૂપ અમારી ટીમ બનશે.



સુરેન્દ્રનગર ની ધન્ય ધરતી પર
પૌરાણીક ૫૦ વર્ષ જુનું
શ્રી રણછોડરાયજીના પવિત્ર મંદિરના

સ્વ. રૂપાળી બા
જીર્ણોદ્ધાર
કાર્યમાં આપ સર્વે આ ભગીરથ કાર્યમાં
સાથ સહકાર આપી આશિર્વાદ પ્રાપ્ત કરીએ
સંપર્ક : અનિલભાઈ પુજારી
96647 24501
દાન માટે રોકડ રકમ તથા વસ્તુ સ્વીકાર્ય છે.
જેની રસીદ મેળવી લેવી.
લિ. રૂપાળી બા મંદિર, સંચાલકશ્રી


# સી.જે હોસ્પિટલ થી અલંકાર રોડ પર નવનિર્મિત રેલવે અંડરબ્રિજની કામગીરીમાં ગુણવત્તાનો સવાલ....

અશોક રાઠોડ
(જર્નાલિસ્ટ સુરેન્દ્રનગર)

સુરેન્દ્રનગર :

રૂપિયા ૮ કરોડના ખર્ચે પશ્ચિમ રેલવે દ્વારા બનાવેલ અન્ડર બ્રિજ બે વર્ષમાં તેને રીટેનિંગ વોલ તેમજ રેલ્વે ટ્રેક નીચે મુકેલા આર.સી.સી.બોકસની તિરાડોમાથી અવીરત પાણી લીકેજ થતાં અંડર બ્રિજ ના રસ્તા પર ખાબોચિયા રૂપે પાણી ભરાયેલું રહે છે. આ અંડર બ્રિજના બાંધકામની ગુણવત્તા પરનો સવાલ ઉભા થઈ રહ્યા છે. આ નીકળતો અવિરત પાણીનો પ્રવાહ રેલવે ટ્રેક નીચે આર.સી.સી. બોક્સ અને રિટેનિંગ વોલ રાહદારીઓ અને ટ્રેક માટે સંપૂર્ણ જોખમી બને તેવી દહેશત વ્યકત થઈ રહી છે.





આશ્ચર્ય ની વાત તો એ છે કે બે માસથી આ દીવાલોમાંથી પાણી પડતું હોવા છતાં રેલ્વે સત્તાવાળાઓએ કોઈપણ જાતની આ અંડર બ્રિજની સુરક્ષાની નોંધ લીધી નથી. કારણ કે રેલવે ટ્રેકનો ભાગ કે જેના પર આર.સી.સી.બોક્સ છે તે ભાવનગર રેલવે વિભાગમાં આવે છે. અને રીટેનિંગ વોલ તથા રાહદારીઓ અને વાહન ચાલકોનો રસ્તો એ રેલવેના રાજકોટ વિભાગમાં આવે છે.

પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે રેલવેના પ્રવાસીઓની અને રાહદરીઓ તથા વાહન ચાલકોની સુરક્ષા સામે જવાબદારી કયા વિભાગની ? તેવું લોક મૂખે ચર્ચાઈ રહ્યું છે.


Mehul Champaneri
Mo: 98248 98443

Studio Jay Jinendra

Dhaval Champaneri
Mo: 98242 30987

Pre Wedding · Wedding · Engagement
Birthday Party · Maternity · Baby Shower
Product Photo · Cinematography
And More...

Email:
Jayjinendra7@gmail.com
Address:
Rajnath chambers, Kunthunath Derasar Chowk. New Junction Road, Surendranagar - 363001


રેલ્વે ના ભાડા માં પ્લેન ની મુસાફરી

Prayosha trip
Happiness....... Dil se..
Mo. 91737 33704, 63546 62626
SHOP NO. 3, 2ND FLOOR, SHIV LAHERI COMPLEX,
NEAR MAHALAXMI CINEMA, SURENDRANAGAR - 363001

દિલ્હી - અક્ષરધામ
હરિદ્વાર
ઋષીકેશ - દહેરાદુન - મસુરી
ગોકુળ - મથુરા - વૃંદાવન - આગ્રા
AC 2 X 2 Bus | AC Hotel
જતા પ્લેન આવતા ટ્રેન
દિવસ-૬ 15400/-pp

દક્ષિણ ભારત
બેંગલોર - મૈસુર - ઉંટી - મદુરાઇ - કોડાઇકેનાલ - કન્યાકુમારી
પદ્મનાભમ મંદિર - ત્રિવેન્દ્રમ- કેરાલા - રામેશ્વરમ - શ્રીરંગમ - મહાબલીપુરમ - તીરૂપતી બાલાજી
AC 2 X 2 Push Back Bus
જતા-આવતા પ્લેન
દિવસ-૧૩ 30200/-pp

સ્પે. કેરાલા
કોચીન - મુન્નાર - થેક્કડી
એલ્લપી - કોવાલમ - ત્રિવેન્દ્રમ
AC Volvo Bus
AC 2 X 2 Bus | AC Hotel
જતા-આવતા પ્લેન
દિવસ-૮ 34500/-pp

સ્પે. નેપાળ
વારાણસી - પ્રયાગરાજ
અયોધ્યા - છપૈયા - પોખરા
AC 2 X 2 Bus | Non AC Hotel
જતા-આવતા પ્લેન
દિવસ-૧૧ 26500/-pp

સ્પે.ગંગાસાગર
જગન્નાથપુરી, કલકત્તા,
ભુવનેશ્વર, ચંપારણ, રાયપુર
AC 2 X 2 Bus | AC Hotel
જતા આવતા પ્લેન
દિવસ-૯ 33000/-pp

સીમલા - મનાલી
દિલ્હી - પીંજોરગાર્ડન - કુફરી
કુલુ સ્નો પોઇન્ટ - ડેલહાઉસી
ખજીયાર - વાઘા બોર્ડર
(અટારી બોર્ડર) - અમૃતસર
AC 2 X 2 Bus
જતા પ્લેન આવતા ટ્રેન
દિવસ-૯ 25000/-pp

વધુ માહિતી માટે ફોન નંબર ઉપર સંપર્ક કરો.
રહેવા તથા જમવા સાથે    ઉપર ના બધા જ પેકેજ માં 5% GST Extra

# નવરાત્રિમાં ફેશનના નવા ટ્રેન્ડ સાથે ખેલૈયાઓ સજ્જ



નવરાત્રીને લઈને શહેર શહેરના યુવા વર્ગમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. નવરાત્રી એટલે નવ દિવસની રાત્રીની સાથે નવ દિવસની અલગ અલગ કલરફુલ ડ્રેસિંગ, એસેસરીઝ વગેરેનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને યુવતીઓ નવરાત્રીને લઈને એક વિશિષ્ટ પ્રકારની તૈયારીઓ કરતી હોય છે.યુવતીઓ નવરાત્રીને લઈને પોતાના આઉટફીટને યુનિક ટચ આપતી હોય છે તો પોતાના આઉટફીટમાં ફેશન અને ટ્રેડિશન ધ્યાનમાં રાખીને અવનવા ફેરફાર કરતી રહે છે. નવરાત્રીમાં પોતાની અલગ ઓળખ માટે ગ્લેમરસ લુક જળવાઈ રહે તે માટે કોસ્ટ્યુમની કિંમતમાં કોઈ બાંધછોડ કરતી નથી.ચણીયા ચોળીમાં અલગ અલગ પ્રકારના વર્કનું કોમ્બિનેશન જોવા મળે છે. આભલા, કોડી, ચાકડા, બોર્ડર, ચતારા વગેરે ચણિયાચોળીના અભિન્ન અંગ બની ગયા છે.

ચણિયાચોળીમાં કચ્છી વર્ક, અફઘાની વર્ક, રબારીવર્ક હોટફેવરિટ અને ટ્રેન્ડિંગ હોય છે. ઘણીવાર બોર્ડરની સાથે મેચ થાય એવા ચાકડા, મોતીવર્ક, લટકણ પણ લગાવવામાં આવે છે. આ ચણિયાચોળીની કિંમત તેમાં કરેલા વર્ક ઉપર આધારિત હોય છે. જેની કિંમત સામાન્ય રીતે ૧૦૦૦થી શરુ કરીને ૨૦,૦૦૦ સુધીની હોય છે.અત્યારે માર્કેટમાં ઘણા બધા પ્રકારની ચણિયાચોળી પ્રાપ્ય છે. જેમાં વિવિધ પ્રકારના વર્ક હોય છે. તેમાંથી અમુક ડિઝાઇન એવી હોય છે કે, જે દરેક વર્ષે ચાલી જાય. જેમાં બ્લોક પ્રિન્ટ, પ્લેઇન, સિમ્પલ બોર્ડર ધરાવતી ચણિયાચોળીનો સમાવેશ થાય છે. આ સાથે જ કોટન જેવા ફેબ્રિકની ચણિયાચોળી પસંદ કરવી જે પહેરવામાં આરામદાયક હોય અને ગરબા રમતી વખતે પરસેવો પણ ઓછો થાય.

માંગટીકો અને નથ વગર નવરાત્રીનો ટ્રેડિશનલ લુક અધુરો ગણાય છે. નથ, માંગટીકો, બેંગલ્સ બજારમાં તૈયાર તો મળે જ છે. પરંતુ નવરાત્રીના ચાહકો ચણિયાચોળીના કલર પ્રમાણે અને ડિઝાઈન પ્રમાણે તેને જાતે બનાવડાવે છે. બેંગલસ ૫૦૦થી ૧૦૦૦ રુપિયા, નથ આશરે ૨૦૦થી ૩૦૦ રુપિયા અને માંગટીકો ૧૦૦થી ૧૫૦ રુપિયામાં મળી રહે છે.

દર વર્ષે નવરાત્રીમાં વિવિધ પ્રકારના ચણીયા ચોળી અને ઘરેણા બજારમાં આવતા હોય છે. પરફેક્ટ ગરબા સ્ટેપ્સની સાથે નવરાત્રી માટેનો પરફેક્ટ આઉટફિટ પણ એટલો જ જરૂરી છે. આ વર્ષે બજારમાં પોમ પોમ કે ફૂમતા જ્વેલરી અને મોતી વર્કનું મિશ્રણ જોવા મળ્યું હતું.

નવરાત્રીમાં અનોખો ટ્રેન્ડ જોવા મળતો હોય છે આ વખતે નવરાત્રીમાં હેન્ડ મેડ જ્વેલરી નો વધુ પડતો ક્રશ જોવા મળી રહ્યો છે ખાસ કરીને કોટન સિલ્ક ના દોરા ઉપર બેંગલ્સ પાટલા ચૂડી બનાવવાનું ક્રેસ જોવા મળી રહ્યો છે ચણીયા ચોળી ને અનુરૂપ બેંગલ્સ પાટલા બનાવે છે જેમાં કોટન સિલ્ક ના રેટ પર મનગમતી ડિઝાઇન કરાવે છે આ વખતે યુવતીઓને હેન્ડમેન્ડ જ્વેલરીએ ઘેલું લગાડ્યું છે તેવું કહી શકાય કારણ કે આ વખતે નવરાત્રીમાં હેન્ડ મેડ જ્વેલરીનું જબરું આકર્ષણ જામી છે સૌ કોઈ નેકલેસ બુટ્ટી કંદોરા નાના-મોટા મિરર વાળા શેઠ બાજુબંધ વીટી પગ પાની સહિતની જ્વેલરી બનાવી રહ્યા છે જ્વેલરી ની બજારમાં ખૂબ માંગ વધી છે હેન્ડમેન્ડ જ્વેલરીમાં કાપડ પર મીરર વર્ક મિરર વર્ક જરદોશી વર્ક ની જ્વેલરીનો ટ્રેડ વધ્યો છે મોટા કચ્છી વર્ક ની બોર્ડર સાથેના સેટ ની યુવતીઓ ખરીદી કરી રહે રહી છે આ તમામ હેન્ડમેન્ડજ્વેલરી ખૂબ જ પરફેક્ટ બનાવવામાં આવે તે હોવાથી ભાવ પણ વધુ જોવા મળી રહ્યા છે આ જ્વેલરીની કિંમત ૩૦૦ થી લઈ થી શરૂ કરીને ૨૫૦૦ સુધીની હોય છે.

નવરાત્રીમાં ચણિયાચોળીની સાથે મોજડી, હાથમાં અને પગમાં પોચાં પહેરવામાં આવે છે. પોચાંમાં પણ અનેક વિવિધતાઓ જોવા મળે છે. પોચાંમાં કચ્છીવર્ક અને જેકો મોતીવર્ક કરવામાં છે. પોચામાં સામાન્ય રીતે કપડા ઉપર જ મોતી, આભલા, ઉનના કલર ફૂલ દોરાઓ વગેરેનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. આ પોચા ધોઈને ફરીથી પહેરી શકાય તેવા મટીરીયલમાંથી બનાવવામાં આવે છે. આ પોચાં માર્કેટમાં ૧૫૦થી ૨૦૦૦ રુપિયામાં ખરીદી શકાય છે.મોતી વર્કનું મિશ્રણ જોવા મળ્યું હતું. આ જ્વેલરીની બે ખાસિયત છે, એક તો તેના કલર્સ અને બીજું કે સાઇઝમાં મોટી હોવા છતાં આ જ્વેલરીનું બિલકુલ વજન નથી લાગતું. આ વર્ષે કોટન અને સિલ્ક બેઝ પર તૈયાર કરેલા હેન્ડમેન્ટ જ્વેલરી તમારા આવું ફિટને હટકે અને કંઈક અલગ જ લુક આપે છે.

ચણિયાચોળીની સાથે ગળામાં પહેરવાના હાર યુવતીઓમાં ફેવરિટ છે. જેમાં પ્લાસ્ટિકના પેચ ઉપર મોતી વર્ક કરવામાં આવે છે. આ હાર સંપૂર્ણપણે વોશેબલ હોય છે. તેમાં ચણિયાચોળીની ડિઝાઈન પ્રમાણે તેની અંદર કલરફુલ જેકો મોતીઓનું વર્ક કરેલું હોય છે. આ સિવાય કચ્છી વર્ક કે અફઘાની વર્કના પેચ પણ ઘણા લોકો પહેરતા હોય છે. આ ગળાના હાર ૧૦૦ રુપિયાથી ૨૨૦૦ રુપિયામાં બનાવી શકાય છે.યુવતીઓને હેન્ડમેન્ડ જ્વેલરીએ ઘેલું લગાડ્યું છે તેવું કહી શકાય કારણ કે આ વખતે નવરાત્રીમાં હેન્ડ મેડ જ્વેલરીનું જબરું આકર્ષણ જામી છે સૌ કોઈ નેકલેસ બુટ્ટી કંદોરા નાના-મોટા મિરર વાળા શેઠ બાજુબંધ વીટી પગ પાની સહિતની જ્વેલરી બનાવી રહ્યા છે.

જ્વેલરી ની બજારમાં ખૂબ માંગ વધી છે હેન્ડમેન્ડ જ્વેલરીમાં કાપડ પર મીરર વર્ક મિરર વર્ક જરદોશી વર્ક ની જ્વેલરીનો ટ્રેડ વધ્યો છે મોટા કચ્છી વર્ક ની બોર્ડર સાથેના સેટ ની યુવતીઓ ખરીદી કરી રહે રહી છે આ તમામ હેન્ડમેન્ડજ્વેલરી ખૂબ જ પરફેક્ટ બનાવવામાં આવે તે હોવાથી ભાવ પણ વધુ જોવા મળી રહ્યા છે આ જ્વેલરીની કિંમત ૩૦૦ થી લઈ થી શરૂ કરીને ૨૫૦૦ સુધીની હોય છે.

# નવરાત્રી દેવીના ૯ સ્વરૂપને સમર્પિત

નવરાત્રી સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ થાય છે કે નવ રાત. સનાતન ધર્મીઓ એટલે કે હિંદુઓ માટે નવરાત્રીનુ મહત્વ ઘણું અનેરું છે. આ નવ દિવસ સુધી માં આદ્યશક્તિ જગદંબાના જુદા-જુદા સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. રાત્રી દરમિયાન મોડે સુધી જાગીને માંના ગરબા ગાઈ અને રમીને તહેવારની ઉજવણી કરવામાં આવે છે. વર્ષમાં નવરાત્રીનો તહેવાર કુલ ૪ વખત આવે છે. જેમાં ૨ નવરાત્રી ગુપ્ત નવરાત્રી તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ એકમાત્ર શરદીય નવરાત્રી જ છે જેની ઉજવણી ખૂબ જ વ્યાપક સ્વરૂપે કરવામાં આવે છે. તો જાણીએ નવા દિવસોમાં કયા દિવસે કયા માતાજીની પૂજા અર્ચના કરવાથી કેવું ફળ મળે છે...

પ્રથમ દિવસ- શૈલપુત્રી

શૈલપુત્રીનો અર્થ થાય છે પર્વતની પુત્રી. માં શૈલપુત્રી એટલે હિમાલયની પુત્રી ખુદ પરામ્બા પાર્વતીનું સ્વરૂપ છે. માં શૈલપુત્રી અંખડ સૌભાગ્યની દાતા છે. કોઈપણ પ્રકારની સિદ્દિધ માટે અને દરેક ક્ષેત્રમાં સફળતા માટે માંના આ સ્વરૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે. પોતાનું ધ્યાન શરીરમાં આવેલા મૂલાધાર ચક્ર પર કેન્દ્રિત કરીને નીચેના મંત્ર સાથે શૈલપુત્રીનું ધ્યાન ધરો...

બીજો દિવસ- બ્રહ્મચારિણી દેવી

બ્રહ્મચારિણી દેવીનો અર્થ થાય છે બ્રહ્મચર્યનું પાલન કરનાર દેવી. માંનું સ્વરૂપ તપસ્વી સ્વરૂપ છે. બ્રહ્મચર્યનો અર્થ પણ તમારે પહેલા સમજી લેવાની જરૂર છે. આ શબ્દ ૨ શબ્દથી બન્યો છે. બ્રહ્મ એટલે કે તપ અને ચર્ય એટલે તેમાં વિહાર કરનાર. અર્થાત તપમય જીવન જીવવાવાળી. તમારી વ્રત પૂજામાં આવતી કોઈપણ બાધા અને સમસ્યાને દૂર કરવા માટે માં બ્રહ્મચારિણીનું ધ્યાન કરીને પૂજા કરો.

ત્રીજો દિવસ- ચંદ્રઘંટા સ્વરૂપ

ચંદ્રઘંટાનો અર્થ થાય છે ચંદ્ર સમાન પ્રકાશમાંન ઘંટ સાથેની દેવી. આ સ્વરુપમાં માતાના મસ્તક પર ઘંટ આકારનો ચંદ્ર હોય છે. જે તમામ નકારાત્મક શક્તિનું નાશનું પ્રતિક છે. આ સ્વરૂપના પૂજન અર્ચન અને ધ્યાનથી માં પોતાના ભક્તોના જીવનમાં ચંદ્રની શીતળતા જેવો આનંદ આપે છે અને તેની આસપાસ રહેલી નકારાત્મકતાનો નાશ કરે છે. માંનું આ સ્વરૂપ ભક્તોના તમામ ભયને હરી લઈને તેમને નિર્ભયતાનું વરદાન આપે છે આ છે તેમના ધ્યાન માટેનો મંત્ર..

ચોથો દિવસ- કૂષ્માંડા સ્વરૂપ

કૂષ્માંડાનો અર્થ થાય છે જેના ચરણોમાં સમગ્ર સંસાર રહેલો છે. માં આદ્યશક્તિના આ સ્વરુપમાંથી જ સમગ્ર સૃષ્ટિનું નિર્માણ થયું હોવાનું શાસ્ત્રો માને છે. તેમની પૂજા કરવાથી દરેક પ્રકારના રોગ અને શોકનો નાશ થાય છે. આ સાથે જ સાધકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કોઈપણ રોગથી મુક્તિ મેળવવા માટે આ મંત્રથી માં કૂષ્માંડાનું ધ્યાન કરવું જોઈએ.

પાંચમો દિવસ- સ્કંદમાતા સ્વરૂપ

મહાદેવના પુત્ર ભગવાન કાર્તિકેયનું એક નામ સ્કંદ કુમાર છે. અને તેની જ માતા એટલે કે બાળ કાર્તિકેયની માતા પાર્વતિનું આ સ્વરૂપ સ્કંદમાતા તરીકે પૂજવામાં આવે છે. દેવી ભાગવતમાં જણાવ્યા પ્રમાણે માતાના આ સ્વરૂપની પૂજાથી સંતાન પ્રાપ્તિનો મનોરથ પૂર્ણ થાય છે. તેમજ વંશ આગળ વધે છે. વાંઝિયાપણાનો શ્રાપ દૂર કરવા માટે માતનું ધ્યાન ધરીને તેમની સાધના કરવી જોઇએ.

છઠ્ઠો દિવસ- માં કાત્યાયની સ્વરૂપ

નવરાત્રીના છઠ્ઠા દિવસે માં કાત્યાયનીનું પૂજન અર્ચન કરવામાં આવે છે. ઋષી કાત્યાયનની તપસ્યાથી પ્રસન્ન થઈને દેવીએ તેમના ઘરે પુત્રી તરીકે અવતરવાનું વરદાન આપ્યું હતુ. માંનું આ સ્વરૂપ અમોઘ ફળદાયક ગણાય છે. એટલે કે સ્વરૂપની પૂજા-અર્ચનાથી એવું ફળ મળે છે જેનો ક્યારેય નાશ નથી થતો. તેમની સાધનાનો મંત્ર છે...

સાતમો દિવસ- કાળરાત્રી સ્વરૂપ

માં દુર્ગાનું કાળરાત્રી સ્વરુપ દુષ્ટ અને ખરાબ શક્તિઓનું નાશક છે. દેખાવમાં અત્યંત ભયાવહ માં પોતાના ભકત માટે પુત્ર સમાન વાત્સલ મૂર્તી બની જાય છે. તેમનું સ્વરુપ અંધકાર જેવું કાળું વાળ ખુલ્લા અને ગધેડા પર સવારી કરતું છે. આ સ્વરુપમાં માતાને ત્રણ નેત્ર છે. જેનાથી નીકળતું તેજ આસૂરી અને ખરાબ શક્તિનું નાશ કરે છે. માંના આ સ્વરૂપની પૂજા અર્ચના અને ધ્યાનથી તમારા તમામ પ્રકારના ભયનો નાશ થાય છે અને કોઇ ઘોર મુશ્કેલીમાં કે શત્રુ વચ્ચે ફસાઇ ગયા હોવ તો તાત્કાલિક મુક્તિ મળે છે.

આઠમો દિવસ- મહાગૌરી સ્વરૂપ

મહાગૌરી સ્વરુપ માતાનું સુંદરઆભામંડળ સાથે સર્વશક્તિ સ્વરૂપ છે. માંના આ સ્વરુપને અન્નપૂર્ણા ઐશ્વર્ય પ્રદાતા માનસિક શાંતિ આપનાર અને સાંસરિક તાપથી મુક્તિ આપનાર માનવામાં આવે છે. માં દૂર્ગાના આ સ્વરુપની પૂજા એટલા માટે કરવામાં આવે છે કેમ કે જ્યારે માતા આ સ્વરૂપે પ્રગટ થયા ત્યારે તેમની ઉંમર ૮ વર્ષના બાળા સમાન હતી.

નવમો દિવસ- માં સિદ્દિધદાત્રી

માં આદ્યશક્તિ પોતાના સિદ્દિધદાત્રી સ્વરુપના પૂજનથી ભક્તની તમામ મનોકામના પૂર્ણ કરે છે. માં સિદ્દિધદાત્રીનું આ સ્વરુપ શાંત મુદ્રામાં રહીને પોતાના ભક્તોને અભયદાન આપ છે. ભગવાન શિવને પતિરુપે પામવા માટે માતાએ હજારો વર્ષ સુધી કઠોર તપસ્યા કરી જેના પરિણામે તેમનો રંગ શ્યામ પડી ગયો હતો. જે બાદ મહાદેવની કૃપાથી ગંગાજળમાં સ્નાન કરીને માતાએ દિવ્ય મનોહર શાંત સ્વરુપ ધારણ કર્યું. તેથી આ સ્વરુપના પૂજનથી માતા પોતાના ભક્તોની લૌકિક અને પારલૌકિક તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે.

# સુરેન્દ્રનગર જિલ્લાના ઐતિહાસિક, પૌરાણિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતા પ્રવાસન સ્થળો વિશે...

વિશેષ અહેવાલઃ- શક્તિ મુંધવા

સુરેન્દ્રનગર :

સૌરાષ્ટ્રનો પ્રવેશદ્વાર કહેવાતો સુરેન્દ્રનગર જિલ્લો આગવી ખાસિયતો ધરાવતો પ્રદેશ છે. ઐતિહાસિક અને પૌરાણિક દ્રષ્ટિએ સમૃદ્ધિ ધરાવતો જિલ્લો છે. પાંચાળ પ્રદેશ તરીકે ઓળખાતી આ ભૂમિ ઉપર તરણેતરનો વિશ્વ વિખ્યાત લોકમેળો યોજાય છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર અને પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શન હેઠળ જિલ્લાનું પ્રવાસન વેગવંતુ બન્યું છે. તો આવો એક ઉડતી નજર કરીએ સુરેન્દ્રનગર જિલ્લાના પ્રવાસન સ્થળો ઉપર....

**૧) ઝિંઝુવાડા દરવાજાઃ-** કિલ્લાના ચાર હયાત દરવાજાની ભવ્યતા, એની અપ્રતિમ કોતરણી, કિલ્લાની રચના, એનું અદભુત સ્થાપત્ય, સિંહસર તળાવના ઓવારા ઉપર સુંદર કોતરણી જોવાલાયક છે.

**૨) સૂર્યમંદિર-સુરજ દેવળઃ-** સ્વયં નારાયણ અને લક્ષ્મીજીનું પૌરાણિક મંદિર, જે પુરાતત્વ વિભાગના રક્ષિત સ્મારક તરીકે છે.

**3) તરણેતરઃ** - ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન મંદિર, જ્યાં અર્જુને મત્સ્યબેધ કરેલો. તેમજ દ્રૌપદીના વિખ્યાત સ્વયંવરની અદભુત શૌર્ય કથા આ સ્થળ સાથે સંકળાયેલી છે.

**૪) અનંતેશ્વર મહાદેવઃ-** ચોટીલાની દક્ષિણે લગભગ ૨૫ કિમી દૂર ઠાંગાની ટેકરીઓના નીચાણમાં આવેલું અણહિલવાડના રાજવીઓનું એક થાણું હતું. અહીંનું વિખ્યાત અનંતેશ્વર મહાદેવનું મંદિર સિધ્ધરાજ જયસિંહએ બનાવ્યાનું કહેવાય છે.

**૫) ગંગવો કુંડ- દેદાદરાઃ-** વઢવાણથી ૧૨ કિ.મી.ના અંતરે દેદાદરા ગામની દક્ષિણે વિખ્યાત કુંડની ચારે બાજુએ સુંદર સ્થાપત્ય ધરાવતા ચાર મંદિરો છે. જે ચાલુક્યકાળના હોવાની માન્યતા છે. એક હજાર વર્ષ પહેલાંનું આ તમામ સ્થાપત્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે.

**૬) રાજબાઈ વાવઃ-** વઢવાણ તાલુકાના રામપરા ગામે આવેલી સુંદર સ્થાપત્ય, કોતરણી તથા બેનમૂન કામગીરીથી બનેલી રાજબાઈ વાવ ઈતિહાસના ઓવારણા સમાન છે. આ વાવ પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે.

**૭) ગંગાવાવ તથા માધાવાવઃ-** અહીં સંવત ૧૯૬૯માં બાંધવામાં આવેલી ગંગા વાવ પ્રાચીન વાવ છે. પ્રજા માટે પ્રાણ સમર્પી દેનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવ (ઈ.સ.૧૨૭૫)ના મંત્રીશ્રી માધવના પુત્ર અને પુત્રવધુના સ્વૈચ્છિક બલિદાનની કથા ધરાવતી માધાવાવ રાજ્ય સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા સુરક્ષિત છે.

**૮) ભીમોરાની ભીમગુફાઃ-** ચોટીલાથી આશરે ૧૨ કિ.મી.ના અંતરે ભીમોરાની ગુફા આવેલી છે. એક જમાનામાં ભીમોરાનો કિલ્લો કાઠીયાવાડમાં પ્રસિદ્ધ હતો. આજે તો એ કિલ્લો ખંડેરાવસ્થામાં છે. છતાં પણ તેના કેટલાક કાંગરા દૂરથી જોઈ શકાય છે. અહીં એક ગુફા છે જેને લોકો ભીમ ગુફા તરીકે ઓળખાવે છે. ગુપ્તવાસ દરમિયાન પાંડવોએ અહીં નિવાસ કર્યાની લોકવાયકા છે. આ ગુફા બૌધ્ધકાલીન ગુફા છે અને તે ઈસુની ચોથી સદીની હોવાનું માનવામાં આવે છે.

**૯) ઝરીયા મહાદેવઃ-** ચોટીલા અને થાનગઢની વચ્ચે ચોટીલાથી આઠ કિ.મી. દૂર ઊંડાણમાં ઝરીયા મહાદેવનું પ્રાકૃતિક સ્થળ આવેલું છે. અહીં મહાદેવના શિવલિંગ ઉપર વિશાળકાય એવા પથ્થર માંથી સતત પાણીનો અભિષેક થયા કરે છે. એહી શિવલિંગ સ્વયંભૂ હોવાની માન્યતા છે.

**૧૦) અવલીયા ઠાકરઃ-** ચોટીલાથી થાન જતા ૧૫ કિ.મી.ના અંતરે રસ્તા ઉપર એક ટેકરીઓની ટોચે અવલીયા ઠાકરની જગ્યા આવેલી છે. આ વૈષ્ણવ ઠાકોરજીનું મંદિર છે. મોટાભાઈ ભરવાડ જ્ઞાતિનું આ તીર્થસ્થાન છે.

**૧૧) ચોટીલાઃ-** સુરેન્દ્રનગર જિલ્લાના પાંચાળ પંથકમાં આવેલા ચોટીલાના ડુંગર પર માં ચામુંડાનું મંદિર આવેલું છે. ચોટીલા પર્વત આશરે ૧૨૫૦ ફૂટ ઊંચો છે. દર્શનાર્થીઓ માટે શ્રી ચામુંડા માતાજી સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા મિષ્ટાન સાથેનો મહાપ્રસાદ પીરસવામાં આવે છે. ચોટીલામાં રહેવા ઉતરવા અને ભોજન માટેની સુંદર વ્યવસ્થા છે. ચોટીલા ખાતે સરકાર શ્રી દ્વારા ભક્તિવનનું વર્ષ ૨૦૦૮માં નિર્માણ કરવામાં આવ્યું છે. ચોટીલા રાષ્ટ્રીય શાયર સ્વ.શ્રી ઝવેરચંદ મેઘાણીનું જન્મ સ્થળ છે.

**૧૨) વડવાળા ધામ- દૂધરેજઃ-** સુરેન્દ્રનગરથી માત્ર બે કિલોમીટરના અંતરે આવેલું રબારી સમાજનું આસ્થાનું કેન્દ્ર છે. દુધરેજ વડવાળા ધામમાં જન્માષ્ટમીના દિવસે મોટો માનવ મેળો ભરાય છે.

**૧૩) લાલજી મહારાજની જગ્યા, સાયલાઃ-** સુરેન્દ્રનગરથી ૩૦ કિ.મી. દૂર સાયલાની જગ્યા આવેલી છે. સાયલાના ઠાકોર સાહેબ લાલજી મહારાજની પ્રતિભાથી આકર્ષાયા હતા. તેમણે એક મંદિર બાંધી લાલજી મહારાજને સાયલામાં જ રોકી લીધા. ત્યાંથી તેઓ અવારનવાર ધર્મોપદેશ કરવા ગામેગામ ફરતા હતા. સમય જતા સાયલાની જગ્યા કચ્છ-કાઠીયાવાડ પંથકમાં જાણીતી થઈ અને તેમના હજારો ભક્તો થયા. આજે પણ આ જગ્યામાં અસંખ્ય યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે.

**૧૪) વાછરાદાદાની જગ્યાઃ-** કચ્છના નાના રણમાં એક બેટ ઉપર આ સ્થાનક આવેલું છે. આ સ્થળ દસાડા તાલુકાના ઝિંઝુવાડા ગામથી આશરે ૨૪ કિ.મી. થાય છે. ચોમાસામાં વરસાદ અને આજુબાજુની નદીઓના પાણી રણમાં ભરાય ત્યારે બેટની ચારેબાજુ પાણી હોય છે. ચોમાસાના ચાર મહિના પછી રણમાં પાણી સુકાઈ જાય ત્યારે વાછરા બેટ પહોંચી શકાય છે.

**૧૫) પીપળીધામઃ-** આ સ્થળ દસાડા તાલુકાના જતવાડ વિસ્તારમાં બજાણા પાસે આવેલું છે. આ સ્થળને 'સવાભગતનું પીપળી' નામે ઓળખવામાં આવે છે. પીપળીમાં રામદેવપીરનું ભવ્ય મંદિર છે. અહીં અનેક ભક્તો દરરોજ દર્શને આવે છે.

**૧૬) શક્તિધામ ધામાઃ-** દસાડા તાલુકાના ઝીંઝુવાડા-આદરિયાણા રસ્તા ઉપર ધામા ગામ આવેલું છે. આ ગામમાં ઝાલાઓની કુળદેવી શક્તિ માતાજીનું મંદિર છે.

**૧૭) વણીન્દ્ર ધામ પાટડીઃ-** વણીન્દ્ર ધામમાં સ્વામિનારાયણ મંદિર આવેલું છે. આ મંદિર દસાડા તાલુકામાં આવેલું છે. પોઈચા નીલકંઠધામ સ્વામિનારાયણ મંદિરનો આ બીજો ભાગ છે. આ મંદિર અમદાવાદથી માત્ર ૭૫ કિલોમીટરના અંતરે આવેલું છે.

**૧૮) ત્રિમંદિર સુરેન્દ્રનગરઃ-** સુરેન્દ્રનગરથી મૂળી રોડ પર લોક વિદ્યાલય નજીક આ મંદિર આવેલું છે. મંદિરમાં દાદા ભગવાન વિશેની માહિતી આપતું મ્યુઝિયમ અને મિનિ-થિયેટર પણ છે.

**૧૯) હવા મહેલ વઢવાણઃ-** વઢવાણના રાજા દાજીરાજજી વઢવાણમાં જયપુર જેવા હવા મહેલનું નિર્માણ કરવા માગતા હતા. પરંતુ તેમના અકાળે મૃત્યુના લીધે તેમની ઈચ્છા પૂરી ન થઈ શકે. આ સ્થળ સુરેન્દ્રનગરથી માત્ર સાત કિલોમીટરના અંતરે આવેલું છે.

**૨૦) નવલખા શિવ મંદિરઃ-** સાયલાથી ૧૮ કિ.મી. દૂર સેજકપર ગામે પ્રાચીન સ્થાપત્યકલાનું બેનમૂન નવલખા મંદિર, ભગવાન શિવજીનું મંદિર આવેલું છે. આ મંદિરનું શિખર સંપૂર્ણ કોતરણીવાળા પથ્થરોથી બનેલું છે. શિખર પરનો એક પણ પથ્થર તેમાં સાદો મૂકવામાં આવેલો નથી. આ મંદિરના દરેક સ્તંભો પર પણ વિવિધ કોતરણી કંડારવામાં આવેલી છે.

**૨૧) રાણકદેવીનું મંદિરઃ-** ભોગાવો નદીના દક્ષિણ કાંઠે રાણકદેવીનું મંદિર આવેલું છે.

## જન્મ દિવસની શુભેચ્છા

સોહમ્રજ સાપ્તાહિકમાં આપના બાળકના જન્મ દિવસની તસવીર નિઃશુલ્ક છાપી આપીશુ...
બાળકની તસવીર તેમના જન્મના પ્રમાણપત્ર સાથે જરૂરી છે
૧૦ દિવસ પહેલા સંપૂર્ણ વિગતો આપવાની રહેશે
બાળકની ઉંમર ૧૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ...

**સોહમ્રજ સાપ્તાહિક**
રાજનાથ મહાદેવ મંદિર પાસે,
કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર,
શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.

# નકારાત્મક વિચારો જ રોગનું મુખ્ય કારણ (ચર્ચાપત્ર)


હરકાન્તભાઈ એચ.રાજપરા

તંદુરસ્ત શરીર દ્વારા જ તંદુરસ્ત મનનો વિકાસ થતો હોય છે. અને આથી તંદુરસ્ત વ્યકિત પોતાના કુટુંબ સમાજ અને રાષ્ટ્રના વિકાસના કાર્યમાં અગત્યનો ફાળો આપતી હોય છે. પરંતુ આજના યુવા વર્ગને તમાકુવાળા પાન મસાલા, ધૂમ્રપાન અને ખાસ કરીને ગુટકાનું ખતરનાક વ્યસન લાગી ગયું છે કે તેઓ પોતાની યુવાનીને ખોખલી કરી નાખે છે. તેમ પોરબંદરના છાયા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ શૈક્ષણિક સંકુલના મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી ભાનુપ્રકાસદાસજીએ પોરબંદરના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત દરબાર હોલ ખાતે વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત જિલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની શિબિરમાં જણાવ્યું હતું.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બી. જે. પરમારે ભાવી પેઢીનાં સ્વાસ્થ્ય ઘડતર માટે શિક્ષકોને સજાગ રહેવા અનુરોધ કર્યા હતો. પોરબંદરની આર.જી. ટીચર્સ કોલેજના પ્રોફેસર અને જાણીતા લેખિકા ડૉ. મીતાબહેન થાનકીએ નકારાત્મક વિચારો જ આપણાં રોગો અને સમસ્યાઓના મુખ્ય કારણ છે. આવા વિચારો જ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હદયરોગને આમંત્રણ આપે છે. આથી હકારાત્મક જાગૃતિ દાખવી જરૂરી લેખાવી હતી. પોરબંદર જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. એ. આર. ભરડાએ વિદ્યાર્થીઓમાં વ્યાપેલા વ્યસનોના દૂષણોને સમાજના હિત અને પ્રગતિ માટે દૂર કરવા સઘન પ્રયાસો હાથ ધરવા શિક્ષકોને અનુરોધ કર્યો.

તજજ્ઞ તરીકે ઈતિહાસવિદ શ્રી હરકાન્તભાઈ રાજપરા, સાયન્ટીફીક ઓફિસર શ્રી કે. બી. મકવાણા સિંચાઈ વિભાગના એન્જિનિય શ્રી હરીશભાઈ કારીયા તાલીમ ભવનના લેક્ચરર શ્રી ભરતભાઈ મેશીયા, શ્રી ચિત્રોડા, શ્રી એ. સી. પટેલ વગેરેએ વ્યસનો અટકાવવા માટેની વિવિધ રીતોની છણાવટ કરી હતી.


વ્યસન એક ફેશન બની ગઈ છે. જાહેરમાં ધુમ્રપાન ન કરવાનો કાયદો માત્ર પોથીમાંના રીંગણા સમાન છે. ખૂદ વાળ ચિભડા ગળે છે.

જોઈએ છે
ફર્નિચર, એલ્યુમીનીયમ સેકશન અને ફેબ્રીકેશન નું કામ કરી શકે તેવા કારીગરો
M.80006 80802

RNI No.GUJGUJ/2015/60109 || Published to post at R.M.S. Surendranagar Published on thursday, posting every Friday- No.G/SEN/369/16-18

# નવરાત્રિનું સાંસ્કૃતિક, ધાર્મિક તથા વૈજ્ઞાનિક મહત્વ

ભારત એક એવો મહાન દેશ છે, જ્યાં તમામ ઉત્સવો અને તહેવારો ધામધૂમથી ઉજવવામાં આવે છે. રંગોથી આચ્છાદિત આ દેશમાં પ્રદેશે-પ્રદેશે ભિન્ન-ભિન્ન લોકસંસ્કૃતિ જોવા મળે છે. આ લોકસંસ્કૃતિઓ ભેગી મળીને બનાવે છે સમૃદ્ધ ભારતની ઉન્નત અને મહાન સંસ્કૃતિ. સનાતન ધર્મની તાસીર છે કે આપણે આપણા તહેવારોમાંથી પણ કંઈક નવું જ્ઞાન મેળવી શકીએ છીએ. આપણા તહેવારો વૈજ્ઞાનિક અભિગમ પણ પૂરો પાડે છે. આવો જ એક તહેવાર નવરાત્રિ શરૂ થઈ રહ્યો છે. ત્યારે જાણીએ કે નવરાત્રિનું સાંસ્કૃતિક, ધાર્મિક તથા વૈજ્ઞાનિક મહત્વ શું છે અને શા માટે આ પર્વને નારીશક્તિની ઉપાસનાનું પર્વ કહે છે.



નવરાત્રિનું સાંસ્કૃતિક-ધાર્મિક મહત્વ

દેશભરમાં અને ખાસ કરીને ગુજરાતમાં નવરાત્રિનું આગવું મહત્વ છે. શક્તિના ઉપાસકો નવ દિવસનું વ્રત ધારણ કરીને નવ રાત્રિ દરમિયાન ગરબા દ્વારા શક્તિની ઉપાસના કરે છે. ઘણા લોકો ગરબાને માત્ર મનોરંજનનું સાધન માને છે અને બીજા બધા તહેવારોની જેમ ગરબા પણ માત્ર એક તહેવાર છે અને આનંદ માટે ઉજવાય છે તેવું માને છે. પણ શું ખરેખર તેવું છે ખરું? તેનો જવાબ છે ના. નવરાત્રિનું આધ્યાત્મની દુનિયામાં ઘણું વિશેષ મહત્વ છે. નવરાત્રિ મા પરાશક્તિની ઉપાસનાનું પર્વ છે નહીં કે માત્ર ગરબા-દાંડિયા રમવા માટેનું.

ગરબા માત્ર એક માર્ગ છે મા શક્તિની આરાધના કરી તેની નજીક જવાનો. પ્રાચીન વૈદિક પરંપરામાં નૃત્યનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે. એવું કહેવાયું છે કે ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે અનેક રસ્તાઓ છે. આ તમામ રસ્તાઓ તમને ઈશ્વર સુધી લઈ જઈ શકે છે અને તેમાંનો એક રસ્તો છે નૃત્ય અથવા તો ગરબા. એટલે સૌપ્રથમ એ જાણવું અને માનવું જરૂરી છે કે નવરાત્રિ પર થતા રાસ-ગરબા માત્ર મનોરંજન નથી પણ આપણી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાનો એક ભાગ પણ છે.

ધાર્મિક માન્યતા અનુસાર એવું કહેવાય છે કે, એક સમયે મહિષાસુર નામનો રાક્ષસ બ્રહ્માજીની તપસ્યા કરવા બેસે છે. બ્રહ્માજી પ્રસન્ન થઈ વરદાન માંગવા કહે છે તો મહિષાસુર અમર થવાનું વરદાન માંગે છે. પણ એ પ્રકૃતિના નિયમ વિરુદ્ધ હોવાથી અન્ય વરદાન માંગવાનું બ્રહ્માજી કહે છે. ત્યારે તે રાક્ષસ વરદાન માંગતા કહે છે કે મને એવું વરદાન આપો કે મારું મૃત્યુ ન તો કોઈ દેવતા કરી શકે ન તો કોઈ અસુર કરી શકે કે ન તો કોઈ મનુષ્ય કરી શકે. મારું મૃત્યુ માત્ર કોઈ સ્ત્રીના હાથે શક્ય બને.

બ્રહ્માજી મહિષાસુરને વરદાન આપે છે. પણ સમય જતાં મહિષાસુર રાક્ષસોનો રાજા બની ગયો અને દેવતાઓ પર આક્રમણ શરૂ કર્યાં. દેવતાઓ એકજૂટ થઈને લડ્યા પણ મહિષાસુરને પહોંચી ન વળ્યા. દેવતાઓએ ભગવાન વિષ્ણુ અને ભગવાન શંકર પાસે મદદ માંગી. પણ બ્રહ્માજીએ આપેલા વરદાનથી મહિષાસુરનો સામનો કરવો શક્ય નહોતો. તેથી ભગવાન વિષ્ણુ સહિત અન્ય દેવતાઓએ 'આદિશક્તિ'ની આરાધના શરૂ કરી. બધા દેવોના શરીરમાંથી એક દિવ્ય રોશની નીકળી જેમાંથી દેવી શક્તિએ સ્વરૂપ ધારણ કર્યું.

દેવી શક્તિનું સર્જન મહિષાસુરનો સંહાર કરવા માટે થયું હતું અને થયું પણ એવું જ કે મહિષાસુરે દેવી શક્તિ સાથે લડાઈ કરી. નવ દિવસ સુધી આ યુદ્ધ ચાલ્યું અને દસમા દિવસે આદિશક્તિએ મહિષાસુરનો સંહાર કર્યો. ત્યારથી નવરાત્રિ પર્વ શરૂ થયું.

ગરબાનું મહત્વ

તાજેતરની સ્થિતિએ યુવાઓમાં ગરબા રમવાનો ક્રેઝ ખૂબ વધી રહ્યો છે. આ લોકપ્રિય અને રસપ્રદ રમતના રોચક ઇતિહાસમાં ડોકિયું કરીએ તો ગરબા રમવાની પરંપરા અગાઉ માત્ર ગુજરાત (ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ) અને રાજસ્થાન પૂરતી મર્યાદિત હતી પરંતુ તેની લોકપ્રિયતા વધતી ગઈ અને હવે તે સમગ્ર ભારતમાં પ્રખ્યાત થઈ છે. દેશભરમાં લોકો ગરબા રમે છે. ગરબા શબ્દ સંસ્કૃત શબ્દ 'ગર્ભદીપ' પરથી આવ્યો છે.

નવરાત્રિ દરમિયાન ઘરમાં કે મંદિરમાં ગરબાનું સ્થાપન કરવામાં આવે છે. ગરબામાં નવ છિદ્રો પાડવામાં આવે છે. જ્યારે ગરબા રમવાનું શરૂ થાય ત્યારે ગરબાને કેન્દ્ર સ્થાને રાખવામાં આવે છે અને તેના ફરતે રાસ-ગરબા રમવામાં આવે છે.

ગરબામાં પાડેલા નવ છિદ્રો માનવીના દેહનું સ્વરૂપ છે અને ગરબામાં મૂકેલો દીવો આત્માની જ્યોત સ્વરૂપ છે. ગરબામાં રહેલાં ૯ છિદ્રો માનવ દેહના નવ દ્વારને સૂચવે છે. બે આંખ, બે કાન, બે નાક (નસકોરા), મુખ, ગુદા અને જનનેન્દ્રિય. માનવ મૃત્યુ પામે ત્યારે તેની આત્મા શરીરના કોઈપણ દ્વારેથી નીકળી જાય છે. આત્મજ્યોત સદા પ્રજ્વલિત રહે એવી ભાવનાથી નવ દિવસ સુધી અખંડ દીવો પ્રગટાવવામાં આવે છે.

આ ઉપરાંત ઘણી જગ્યાએ ગરબામાં ૨૭ છિદ્રો પાડવામાં આવે છે. આ ૨૭ છિદ્રોનું રહસ્ય પણ અનેરું છે. ગરબાને બ્રહ્માંડનું પ્રતીક માનવામાં આવે છે અને ૨૭ છિદ્રોને ૨૭ નક્ષાત્રોનું પ્રતિક માનવામાં આવે છે. એક નક્ષત્રને ચાર ચરણ હોય છે. એટલે ૨૭ ઠ ૪= ૧૦૮ની સંખ્યા પ્રાપ્ત થાય છે. એટલા માટે કહેવાય છે કે ગરબાને મધ્યમાં રાખી ૧૦૮ વખત ગરબી ઘૂમવાથી બ્રહ્માંડની પ્રદક્ષિણા કરવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

# નવ દિવસનું મહત્વ અને માતાજી ના સ્વરૂપ નો ઈતિહાસ



નવરાત્રી, જે શબ્દ સાંભળતા જ સૌના મગજમાં સુંદર આભૂષણો, માતાજીના નવ સ્વરૂપો અને સૌના પ્રિય એવા ગરબા ગુંજવા લાગે. દરવર્ષે આવતો આ તહેવાર આમ તો સમગ્ર વિશ્વમાં ગુજરાતીઓની ઓળખ છે. જેમ કહેવાય છે કે ‘‘જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત’’ તેમ જ આમ પણ કહી શકાય કે ‘‘જ્યાં જ્યાં હોય ગુજરાતી, ત્યાં હોય ગરબા’’. તો ગરબા અને તેના રંગથી ન માત્ર ગુજરાત પરંતુ સમગ્ર દેશ અને અડધી દુનિયા વાકેફ પણ છે અને તેના રંગમાં રંગાયેલી પણ છે.

પરંતુ આ નવરાત્રી શબ્દ ક્યાંથી આવ્યો? નવરાત્રી તહેવારની શરૂઆત ક્યાંથી થઈ? શું કારણ અને કેવા પ્રકારની શ્રદ્ધા નવરાત્રીની નવ રાત પાછળ જોડાયેલી છે. નવરાત્રીમાં ગરબા સિવાય પણ શું શું એવું છે જે નવરાત્રીના જ તહેવારનો એક ભાગ છે, આવો તેના વિષે જાણીયે

નવરાત્રીનો ઈતિહાસઃ

નવરાત્રીનો ઈતિહાસ આમતો અસત્ય પર સત્યના વિજય માટે જાણીતો છે, જેની પાછળ એવી વાર્તા છે કે મહિષાસુર નામનો એક રાક્ષસ હતો જેનું મુખ ભેંસ જેવું હતું અને સ્વભાવથી ખુબ ક્રૂર હતો. આ મહિષાસુરે ઘણા વર્ષ ખુબ તપશ્ચર્યા કરી અને ભગવાન શિવ તેની આ તપશ્ચર્યાથી તેના પર ખુશ થયા. અને મહિષાસુરને અમરત્વનું વરદાન આપ્યું પરંતુ તેની સાથે ભગવાન શિવે તેને કહ્યું કે ‘‘કોઈપણ પુરુષથી તું નહી મરે પરંતુ કોઈ શક્તિશાળી સ્ત્રી હશે તો તેનાથી તારું મૃત્યુ થશે. જે સાંભળીને મહિષાસુર ખુશ થયો અને પોતાની જાતને ખુબ શકતિશાળી માનવા લાગ્યો. સમયની સાથે તે સામાન્ય લોકો પર અને નિર્બળ લોકો પર ત્રાસ ગુજારવા લાગ્યો અને લોકોને હેરાન, પરેશાન કરવા લાગ્યો.

મહિષાસુરના ત્રાસથી બ્રમ્હા, વિષ્ણુ અને મહેશ એટલે કે ભગવાન શંકર મળ્યા અને તેઓએ નક્કી કર્યું કે આપણે એક એવી શક્તિનું સર્જન કરીયે જે મહિષાસુરનો વધ કરે અને નિર્દોષ લોકોને તેના ત્રાસથી છુટકારો અપાવે. જેથી તેઓએ માં દુર્ગાનું સર્જન કર્યું અને તેને દરેક પ્રકારના અસ્ત્ર શસ્ત્ર આપ્યા. ત્યારબાદ માં દુર્ગાએ મહિષાસુરને યુદ્ધ માટે પડકાર આપ્યો જેને સ્વીકારીને મહિષાસુરે માં દુર્ગાએ યુદ્ધ કર્યું અને ૯ દિવસ ચાલેલા આ યુદ્ધ દરમ્યાન મહિષાસુરે અને અવનવા રૂપ ધર્યા, છતાં પણ માં દુર્ગાએ તેને હરાવ્યો અને નવમાં દિવસે તેનો વધ કર્યો. જેથી નવરાત્રી અસત્ય પર સત્યનો વિજય અને દુષ્ટ શક્તિ પર દૈવી શક્તિના વિજયના રૂપે મનાવવામાં આવે છે.

બીજી એક વાર્તા પ્રમાણે ભગવાન શ્રીરામનું યુદ્ધ રાવણ સાથે શરૂ થવાનું હતું ત્યારે ભગવાન શ્રીરામે માં દુર્ગાના અલગ અલગ સ્વરૂપની પૂજા-અર્ચના કરવાનું શરૂ કર્યું અને નવે દિવસ માતાજીના અલગ અલગ નવ સ્વરૂપની ઉપાસના કરી અને દશમાં દિવસે એટલે કે દશેરાના દિવસે તેમને રાવણનો વધ કર્યો. માટે નવરાત્રી આસુરી શક્તિ પર સત્યના વિજય તરીકે ઉજવવામાં આવે છે. આવા ભવ્ય ઈતિહાસને કારણે નવરાત્રીનું આધ્યાત્મિક અને વૈદિક રીતે ખુબ મહત્વ રહેલું છે. જેમાં નવ દિવસ માતાજીના નવ અલગ અલગ રૂપની ઉપાસના કરવામાં આવે છે.

નવરાત્રી ક્યારે ઉજવવામાં આવશેઃ

દર વર્ષે નવરાત્રી અલગ અલગ તારીખ અને તિથિ મુજબ આવતી હોય છે, હિન્દૂ પંચાંગ મુજબ આ વર્ષે નવરાત્રી ૧૪ ઓક્ટોબર મધ્યરાત્રીથી શરૂ થશે, જેથી નવરાત્રીની ઉજવણી ૧૫ ઓક્ટોબરથી શરૂ થઈને ૨૩ ઓક્ટોબરે પૂર્ણ થશે અને ૨૪ ઓક્ટોબરનો દિવસ દશેરા તરીકે ઉજવવામાં આવશે.

નવરાત્રીમાં રંગનું મહત્વઃ

સૌથી મહત્વની બાબત એ છે કે નવરાત્રીના નવ દિવસ, નવ અલગ અલગ રંગ માટે સમર્પિત છે અને મહિલાઓ અને ગરબા રમતા ભાવિકો તે દિવસ મુજબના કપડાં ધારણ કરતા હોય છે જેમાં આ વર્ષે પ્રથમ દિવસે કેસરી, તો બીજા દિવસે સફેદ, અને ત્રીજા દિવસે લાલ , તથા ચોથા દીવસે ઘેરો નીલો રંગ તો પાંચમા દિવસે પીળો, અને છઠ્ઠા દિવસે લીલો, તથા સાતમા દિવસે ગ્રે રંગ, તો આઠમા દિવસે જાંબલી, અને નવમાં દિવસે મોરપીછ રંગના કપડાં ધારણ કરવા શુભ રહેશે.

અમે આશા રાખીયે છીએ કે વિશ્વના સૌથી મોટા નૃત્ય તહેવાર એવી નવરાત્રી વિષે આટલી માહિતી આપણે અત્યંત ઉપયોગી બની રહેશે અને આપના જ્ઞાનમાં પણ વધારો કરશે. સૌને નવરાત્રીની હાર્દિક શુભકામનાઓ.

ખાસ નોંધ : સોહમરજ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલ માહિતી ઈન્ટરનેટના માધ્યમથી પ્રાપ્ત થયેલ છે

# હવા મહેલ અને વઢવાણનો ઈતિહાસ



વઢવાણના કિલ્લેબંધીવાળા ટાઉનશીપમાં જતા, પ્રવાસીઓ ઝાલા રાજપુત શાસકોના અગાઉના સામ્રાજયના સરળ માળખાથી જાગૃત થઈ શકતા નથી, જેમણે આ પ્રદેશની સંસ્કૃતિ પર મોટો પ્રભાવ પાડ્યો હતો. ગુજરાતનાં આ વિભાગમાં જૈન ધર્મની સંસ્કૃતિ પણ નોંધપાત્ર છે. વઢવાણ શહેર ગુજરાતના સુરેન્દ્રનગર જીલ્લાનો એક ભાગ છે, વઢવાણ તેના જૂના વિશ્વના શાહી વશીકરણ અને તેના પોતાના જીવન અને સંસ્કૃતિ સાથે શાંત જગ્યા માટે જાણીતું સ્થાન છે.

વઢવાણ શાસકો ઝાલા રાજપુત કુળોના હતા અને તેમની પાસે સારી વહીવટી અને સાંસ્કૃતિક રૂપે સમજ હતી. તેમના વંશ લોકોને પૂરતું રક્ષણ પૂરું પાડવા માટે, વઢવાણનું નગર મજબૂત બનાવવામાં આવ્યું હતું અને મોટાભાગના સ્થળોએ સુરક્ષા પૂરી પાડવા માટે દરવાજા બાંધવામાં આવ્યા હતા. આમાંનાં કેટલાક દરવાજાઓ અને કિલ્લેબંધીવાળા દિવાલો હજુ પણ શહેરમાં જોવા મળે છે, વઢવાણ એ જ નામથી રજવાડા રાજ્યનું કેન્દ્ર હતું, જે અગાઉના દિવસોમાં વર્ધમાનપુરી તરીકે જાણીતું હતું, તે નામ મહાન જૈન તિર્થંકર, ભગવાન વર્ધમાન પરથી ઉતરી આવ્યું હતું. આ રજવાડી રાજ્યના વડા પ્રધાન રાવલ પરિવારના હતા, જેને દિવાન બહાદુરનું શિર્ષક આપવામાં આવ્યું હતું. તેમના શાસન હેઠળ, ૧૮ મી અને ૧૯ મી સદીના યુગ દરમિયાન મોટા ભાગની મહત્વપૂર્ણ રચનાઓ બનાવવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જીલ્લામાં વઢવાણના લેન્ડસ્કેપને શણગારેલા વિવિધ માળખા જૈન સંપ્રદાય સાથે સંકળાયેલા છે, પરંતુ બે મહત્ત્વના પ્રવાસી મહત્વપૂર્ણ મહેલો, હવા મહેલ અને રાજ મહેલ આવેલા છે. બાદમાં ૧૯ મી સદીમાં તેમની ઉમદા બાલસિંહજીનું નિવાસસ્થાન હતું, જે વિદેશી બગીચાઓ, ક્રિકેટ પીચીસ, ફુવારા, ટેનિસ કોર્ટ અને લિલી તળાવથી ભરપૂર હતું.

હવા મહેલની વિશેષતાઓ

ઝાલા શાસકોના આ યુગ દરમિયાન, હવા મહેલ વઢવાણનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેમાં સાહિત્યિક શબ્દ 'પવન મહેલ' હતો. તેમ છતાં, તે અંતિમ કારીગરી સાથે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હોવા છતાં, માળખું પૂર્ણ કર્યા વિના, કાર્ય અધૂરી રહ્યું હતું. જે ભાગ અધૂરી છે તે વાસ્તવિક કિલ્લાની બહાર છે અને બાંધકામના વિવિધ તબક્કામાં આર્કિટેક્ચરલ ડીઝાઈન્સના અભ્યાસ સાથે છે, આ હવા મહેલ બાંધવામાં કારીગરો દ્વારા ઉપયોગમાં લેવાતી સ્થાપત્યની શૈલીમાં ઝાંખી આપે છે. હાલના દિવસે, સોમપુરાના ઘણા કારીગરો વિવિધ હિન્દુ અને જૈન મંદિર યોજનાઓ માટે કોતરણી અને શિલ્પી સામેલ છે.

સોર્ટુરા કળાના કારીગરો

સોમપુરા સલાટ સમુદાય ગુજરાતમાં બ્રાહ્મણ સમુદાયોમાંનો એક હતો. તેઓ મુખ્ય કારીગરો હતા, ખાસ પ્રકારનાં માળખામાં નિષ્ણાત હતા. તેમના પૂર્વજો જ્યોતિર્લિંગ સાથે પ્રખ્યાત સોમનાથ મંદિરનું નિર્માણ કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. હવા મહેલ વઢવાણ પર કામ શરૂ કરવા માટે તેઓ હતા. તાજેતરના વર્ષોમાં, આ લોકોને ગુજરાતના વિવિધ મંદિરો તેમજ ભારતના અન્ય ભાગોમાં પુનર્સ્થાપિત કરવા માટે બોલાવવામાં આવ્યા છે.

સુરેન્દ્રનગર, અમદાવાદ અને રાજકોટ વચ્ચે સારો રસ્તો છે. હવા મહેલ વઢવાણ આ ભવ્ય માળખાના પ્રવાસ માટે પ્રવાસીઓ માટે ખાનગી બસો અને ટેકસીઓ અને સરકારી બસો ઉપલબ્ધ છે. નોન મીટરવાળી ઓટો રીક્ષા સ્થાનિક રૂટ સુધી પહોંચવા માટે શ્રેષ્ઠ વિકલ્પો છે. રેલવે સર્કિટમાં, તે ભાવનગર-સુરેન્દ્રનગર લાઈન પર સ્થિત છે.

વઢવાણ શહેરએ પોતાને માટે નામ બનાવ્યું છે, મંદિરો અને હવા મહેલ માટેના કારીગરોના કામને લીધે. ઉપરાંત, સ્થાનિક શાસકો દ્વારા આશ્રય આવા વેપારને પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત, આ સ્થળ વિવિધ મંદિરો અને મહેલો સહિતના અન્ય સ્થળદર્શન સ્થળો માટે જાણીતું છે

# સુરેન્દ્રનગરનો ઈતિહાસ

વર્ષ ૧૯૪૬માં આઝાદી મળી ત્યારે અંગ્રેજોએ વઢવાણ સ્ટેટ રાજા સુરેન્દ્રસિંહજીને સોંપ્યુ હતુ. આ સમયે કેમ્પ તરીકે ઓળખાતા શહેરને રાજા સુરેન્દ્રસિંહજીના નામ પરથી સુરેન્દ્રનગર નામકરણ તા. ૧ ઓગસ્ટ ૧૯૪૬ના રોજ થયુ હતુ.

સમગ્ર રાજયમાં પાંચ જિલ્લાઓના નામ રાજાના નામ પરથી પડયા છે. જેમાં સુરેન્દ્રનગરનો પણ સમાવેશ થાય છે. વર્ષ ૧૯૪૬માં ૧ ઓગસ્ટના રોજ અંગ્રેજોએ વઢવાણના રાજા સુરેન્દ્રસિંહજીને વઢવાણ રાજય સોંપ્યુ હતુ. ત્યારે વઢવાણ કેમ્પ તરીકે ઓળખાતા અંગ્રેજોના કેમ્પ સ્ટેશનને રાજાના નામ પરથી સુરેન્દ્રનગર નામ અપાયુ હતુ. કેમ્પ સ્ટેશનના ઈતિહાસ પર નજર કરીએ તો ૧૮૬૪માં કર્નલ હોઈએ વઢવાણમાં સીવીલ સ્ટેશન સ્થાપવાનું સૂચન અંગ્રેજ સરકારને કર્યુ હતુ.

અંગ્રેજોને રેલ માર્ગે વ્યવસાય કરવામાં સરળતા રહે તે માટે સ્ટીમ એન્જીન સાથે સૌ પ્રથમ ૧૮૭૨માં



કેમ્પ સ્ટેશને રેલવે દોડાવાઈ હતી. કેમ્પ સ્ટેશનથી વિરમગામ, ભાવનગર, રાજકોટ, ધ્રાંગધ્રા સુધી ટ્રેનો દોડતી હતી.

# સુરેન્દ્રનગર જિલ્લા વિષે થોડી વાતો

સુરેન્દ્રનગર ગુજરાત રાજ્યના અન્ય પ્રદેશો પર શાસન કરતા પરંપરાગત રાજવંશોના નિયંત્રણ હેઠળ હતું. રાજ્યોના વિલય પછી સુરેન્દ્રનગર જિલ્લો હવે ઝાલાવાડ તરીકે ઓળખાતો હતો. સુરેન્દ્રનગર તરીકે ઓળખાતો વર્તમાન જિલ્લો બ્રિટિશ પોલિટિકલ એજન્ટનું મુખ્ય મથક હતું. પોલિટિકલ એજન્ટોએ વડવાણ છાવણી છોડી દીધી અને વર્ષ ૧૯૪૬ એડીમાં તેને વડવાણના શાસકને પરત કરી. ત્યાં તેનું નામ બદલીને ૧૯૪૭માં વઢવાણના પૂર્વ રાજા સુરેન્દ્રસિંહજીના નામ પરથી સુરેન્દ્રનગર રાખવામાં આવ્યું. ૧૯૪૮ થી, સુરેન્દ્રનગર જિલ્લાનું મુખ્ય કેન્દ્ર છે. સુરેન્દ્રનગરએ સૌરાષ્ટ્ર પેટા રાજ્યનો એક જિલ્લો છે.

જીલ્લામાં નાના પાયા પર સ્થાપત્ય સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. પૂર્વ-ઐતિહાસિક વસવાટના સ્થળો મળી આવ્યા છે. વર્ષ ૧૯૫૭-૫૮માં સાયલા તાલુકાના સેજકપુર ખાતેથી પાષાણ યુગ પછીના કેટલાક સાધનો મળી આવ્યા છે. આ પથ્થર યુગ પછીની સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે જેમાં મુખ્યત્વે શિકારી અને માછીમાર અર્થતંત્ર હોય છે. પ્રાચીન પુરાણી યુગમાં લોકો દ્વારા ઉપયોગમાં લેવાતા સાધનો પણ આ જિલ્લામાં જોવા મળે છે.

આ જિલ્લાના કેટલાક ગ્રામ પ્રદેશોના શાસકોના ઈતિહાસનું વિશ્લેષણ કરવું ખૂબજ રસપ્રદ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા, વઢવાણ, લખતર, સાયલા, ચૂડા, મૂળી, બજાણા, પાટડી વગેરે અને જાગીરોનો સમાવેશ થતો હતો અને તેમાં વણોદ, વિઠ્ઠલગઢ, જૈનાબાદ, રાજપુરા, આનંદપુર, ચોટીલા, ભોઈકા, ઝીંઝુવાડા, દસાડા જેવા કેન્દ્રોનો સમાવેશ થતો હતો. આ તમામના જાગીરો અગાઉના સૌરાષ્ટ્ર રાજયમાં સમાવવામાં આવ્યા હતા અને ઝાલાવાડ જિલ્લાનો ભાગ બન્યા હતા.

અર્થતંત્ર

ભૂતકાળમાં, સુરેન્દ્રનગરનો ઉપયોગ વસાહતીઓ દ્વારા હિલ સ્ટેશન તરીકે કરવામાં આવતો હતો, કારણ કે તેની શુષ્ક આબોહવા અમુક શારીરિક તેમજ માનસિક બિમારીઓ માટે ફાયદાકારક હતી. સુરેન્દ્રનગરની શુષ્ક હવા આજે પણ ગુજરાતમાં ક્ષયના દર્દીઓના ઈલાજ માટે શ્રેષ્ઠ સ્થળ ગણાય છે.

નગરપાલિકા હેઠળ આવતા જિલ્લા પાટનગર સુરેન્દ્રનગર ભોગાવો નદીના વહેણથી વિભાજીત થયેલા શહેરની બે બાજુઓને જોડતા રસ્તાઓ અને બે કોઝવેની ખરાબ હાલતથી પીડાય છે. શહેરની મ્યુનિસિપલ બોડી લાંબા સમયથી મહાનગરપાલિકાના હોદ્દા માટે ઉમેદવાર તરીકે ગણવામાં આવે છે પરંતુ કેટલાક રાજકીય કારણોસર તે ક્યારેય સાકાર થઈ શક્યો નથી. માથાદીઠ શૈક્ષણિક સંસ્થાઓમાં તે બીજા ક્રમે છે.

વ્યવસાયો

કન્ફેક્શનરી, સિરામિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ પ્લાસ્ટિક અને મીઠું ઉત્પાદન સહિત ઘણા નાના અને મધ્યમ ઉદ્યોગો અને ઉદ્યોગો હાજર છે. વઢવાણ શહેર કૃષિ ઉત્પાદનો, કપાસ, મીઠું, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો અને પ્લાસ્ટિક, કાપડ બેરિંગ્સ, સિરામિક્સ અને સેનિટરી વેર માટેનું મુખ્ય વેપાર અને પ્રક્રિયા કેન્દ્ર છે.

કુદરતી સંસાધનો

ભારતના મીઠાના પુરવઠાનો ૨૫ ટકા સુરેન્દ્રનગર વિસ્તારમાં ખાણકામમાંથી આવે છે. ખાસ કરીને ખારાઘોડા વિસ્તારમાં અગર (મીઠાના તવાઓ)ના માઈલો છે. રણ પ્રદેશના ઝીંઝુવાડામાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત મીઠાનું ઉત્પાદન થાય છે.

કાપડ

સુરેન્દ્રનગર ભારતમાં કપાસ અને જિનિંગ પ્રવૃત્તિઓનું હબ છે, જેમાં મોટી સંખ્યામાં જિનિંગ અને પ્રેસિંગ એકમો છે. તે વિશ્વમાં ગુણવત્તાયુક્ત શંકર કપાસના સૌથી મોટા ઉત્પાદકોમાનું એક છે. સુરેન્દ્રનગર કોટન ઓઈલ એન્ડ ઓઈલસીડ એસોસિએશન લિ., (ભારત સરકાર માન્ય) કપાસ માટે વિશ્વ વિખ્યાત ફ્યુચર્સ ટ્રેડિંગ એક્સચેન્જ છે.

તેની સ્થાપના ૧૯૬૪માં કરવામાં આવી હતી અને તે ભારતમાં પ્રથમ કોટન ફ્યુચર્સ ટ્રેડિંગ એક્સચેન્જ છે. સુરેન્દ્રનગર શહેરમાં સાડીઓમાં વિશેષતા ધરાવતું કાપડ અને કપડાનું મોટું બજાર પણ છે. શહેરના જવાહર રોડ અને વિઠ્ઠલ પ્રેસ રોડ પર કપડાના મોટા શોરૂમ આવેલા છે.

**ખાસ નોંધ : સોહમ૨૪ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલા ઈતિહાસની માહિતી ઈન્ટરનેટના માધ્યમથી પ્રાપ્ત થયેલ છે**

# પેટ્રોલના પ્રકાર



વાહનમાં વપરાતા પેટ્રોલના અનેક પ્રકાર હોય છે. પેટ્રોલનો પ્રકાર તેનાં ઓક્ટેન રેટિંગ અને એડિટિવ્સ આધારે નક્કી થાય છે. જેમાં આપણી ગાડી માટે યોગ્ય પેટ્રોલ પસંદ કરવું જરૂરી હોય છે. આજે તેના વિશે જાણવાનો પ્રયાસ કરીશું.

રેગ્યુલર પેટ્રોલ, ૮૭ ઓક્ટેન રેટિંગ

આ સૌથી સસ્તું અને સામાન્ય પેટ્રોલ હોય છે. જે મોટા ભાગે સામાન્ય કારોમાં ઉપયોગમાં આવે છે. જો તમારી કાર ૮૭ ઓક્ટેન રેટિંગ કે તેનાથી ઓછી રિકમેન્ડ કરે છે તો આ પેટ્રોલ તમારા માટે યોગ્ય હોય છે. આ નાના અને મિડ રેન્જ એન્જિન માટે ઉપયુક્ત હોય છે. તેની કીંમત ઓછી હોય છે. જો તેની ખામી વિશે જાણવું હોય તો તમારી કારનું એન્જિન હાઈ પર્ફોમન્સ કે ટર્બોચાર્જ્ડ હોય તો આ પેટ્રોલ કામમાં નથી આવતું.

મીડ ગ્રેડ પેટ્રોલ, ૮૯ ઓક્ટેન રેટિંગ

આ પેટ્રોલનું ઓક્ટેન રેટિંગ ૮૯ હોય છે. જો તમારી કારમાં મીડ ગ્રેડ પેટ્રોલ યુઝ કરવાનું કહેવાયુ હોય તો તેનો ઉપયોગ કરી શકાય છે. તેનો ફાયદો એ છે કે, હાઈ રેટિંગ કરતા આ પેટ્રોલ સારું પર્ફોમન્સ આપે છે. અને તે પ્રીમિયમ પેટ્રોલ કરતા સસ્તું પણ હોય છે. જો તેની ખામીની વાત કરવી હોય તો આ પેટ્રોલ દરેક વાહન માટે ઉપયોગી નથી હોતું.

પ્રીમિયમ પેટ્રોલ, ૯૧ ઓક્ટેન રેટિંગ

આ પેટ્રોલનું ઓક્ટેન રેટિંગ ૯૧ હોય છે. તે હાઈ પર્ફોમન્સવાળી ગાડીઓ માટે બનાવવામાં આવે છે. તમારી કારમાં ૯૧ ઓક્ટેન રેટિંગની ભલામણ કરવામાં આવી હોય તો આ પેટ્રોલ કામમાં આવે છે. આ પેટ્રોલ લગ્ઝરી વાહન કે સ્પોર્ટ કારમાં વપરાય છે. તેના કારણે એન્જિનનુ પર્ફોમન્સ સુધરે છે. નોકિંગથી બચાવ થાય છે. જો ખામીની વાત કરવી હોય તો તે સામાન્ય પેટ્રોલ કરતા મોંઘુ હોય છે.

ઈથેનોલ - બ્લેન્ડેડ પેટ્રોલ

આ પેટ્રોલમાં ૧૦%, ૧૫%, કે ૮૫% ઈથેનોલ હોય છે. જે ફ્યૂઅલની કીંમત ઘટાડે છે અને તે ઈકો ફ્રેન્ડલી પણ હોય છે. જેથી પ્રદૂષણ પણ ઘટે છે.જો તમારી કાર ઈથેનોલ - બ્લેન્ડેડ પેટ્રોલ સપોર્ટ કરતી હોય તો તે તમારા એન્જિનની લાઈફ પણ વધારે છે અને વાતાવરણને પણ ઓછું પ્રદૂષિત કરે છે. તે ફ્યૂઅલ એફિશિએન્સી પણ વધારે છે. જો તેની ખામી વિશે વાત કરવી હોય તો આ પેટ્રોલ દરેક ગાડીઓ માટે ઉપયોગી નથી હોતું, એમાં પણ ખાસ કરીને જૂની ગાડીઓમાં તે કામમાં નથી આવતું.

# ઈલેક્ટ્રિક વાહનોમાં શા માટે થાય છે વિસ્ફોટ?



ઈલેક્ટ્રિક સ્કૂટરમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં, ચાર બનાવો બન્યા છે, જેમાં ઈલેક્ટ્રિક સ્કૂટરને ચાર્જ કરતી વખતે અથવા ડ્રાઈવિંગ કરતી વખતે આગ લાગી હતી અને આ ઘટનાઓમાં બે લોકોના મોત થયા હતા. ઈલેક્ટ્રિક સ્કૂટર પૈસા બચાવે છે, પણ તેનાથી તમારો જીવ કોણ બચાવશે?

અમે ઈલેક્ટ્રિક વાહનોના વિરોધમાં નથી. અમે એમ પણ માનીએ છીએ કે, આ ટેક્નોલોજી આપણા દેશ અને સમગ્ર વિશ્વનું ભવિષ્યછે, પરંતુ અમને લાગે છે કે, આ ઘટનાઓ પછી આ ટેક્નોલોજીમાં સુધારો કરવાની જરૂર છે અને તેને વધુ સુરક્ષિત બનાવવાની જરૂર છે.

જોકે, એક સત્ય એ પણ છે કે, જ્યારે પણ ઈલેક્ટ્રિક વાહનોને લગતી ટેક્નોલોજી સુધારવાની વાત થાય છે અથવા આવી ઘટનાઓ પછી આ વાહનો બનાવતી કંપનીઓપર સવાલ ઉઠાવવામાં આવે છે, ત્યારે આ કંપનીઓ આ ટીકા સહન કરી શકતી નથી અને તેઓ તેને પેટ્રોલ લોબીનું પોતાની સામેનું એક ષડયંત્ર ગણાવવા લાગે છે. બની શકે કે આજે આપણા વિશ્લેષણને પણ આ જ પરિપ્રેક્ષ્યથી જોવામાં આવે પરંતુ અમે ફરીથી કહેવા માંગીએ છીએ કે અમે ઈલેક્ટ્રીક વાહનોની વિરુદ્ધમાં નથી અને આટેક્નોલોજીને સમર્થન આપીએ છીએ, પરંતુ અમે એમ પણ માનીએ છીએ કે જો આ ટેક્નોલોજીમાં કોઈ ખામી હોય તો તેને સુધારવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, યુએસમાં જ્યારે આવી ઘટનાઓ સામે આવી રહી હતી, ત્યારે ત્યાં તપાસ કરવામાં આવી હતી અને આ તપાસમાં કહેવામાં આવ્યું હતું કે,લિથિયમ-આયન (લિથિયમ-આયન) બેટરીનો ઉપયોગ ઈલેક્ટ્રિક વાહનોમાં થાય છે, જેનું કારણ એ છે કે, આ બેટરી ઊંચા તાપમાને ગરમ થાય છે અને આગ પકડે છે. આ સિવાય આ રિપોર્ટમાં આગ લાગવા પાછળ વાઈબ્રેશનને પણ કારણ માનવામાં આવ્યું છે. એવું કહેવામાં આવ્યું હતું કે, વાહન ચાલતી વખતે જો બેટરી વધુ પડતીવાઈબ્રેટ કરે છે, તો તે આગ પણ પકડી શકે છે. આ સિવાય જો મેન્યુફેક્ચરિંગ દરમિયાન કોઈ ખામી હોય તો પણ આવી ઘટનાઓ બની શકે છે. ભારતમાં નોંધાયેલા ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા ૧૦ લાખ ૭૬ હજાર ૪૨૦ છે, જ્યારે ભારતમાં પબ્લિક ચાર્જિંગ સ્ટેશનોની સંખ્યા હવે ૧ હજાર ૭૪૨ છે. જોકે, એક અંદાજમુજબ, વર્ષ ૨૦૨૬ સુધીમાં, ભારતમાં ચાર લાખ ચાર્જિંગ સ્ટેશનની જરૂર પડશે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં, ઈલેક્ટ્રિક વાહનોનો આ ઉદ્યોગ ૧૫૦ અબજ ડોલર એટલે કેલગભગ સાડા ૧૧ લાખ કરોડ રૂપિયાનો થઈ જશે. એટલે કે આ ઉદ્યોગ આજની સરખામણીમાં ૯૦ ગણો મોટો બની જશે.

આ આંકડા દર્શાવે છે કે, ભારતના લોકો આ ટેક્નોલોજી અપનાવવા માગે છે, પરંતુ ઈલેક્ટ્રિક વાહનો બનાવતી કંપનીઓએ સમજવું પડશે કે, જો તેઓ આ ટેક્નોલોજીનેસુરક્ષિત નહીં બનાવે તો લોકો ઈલેક્ટ્રિક વાહનો ખરીદવાથી ડરવા લાગશે. કારણ કે, પૈસા બચાવવાનો માર્ગ બદલી શકાય છે, પરંતુ જીવન બચાવી શકાતું નથી. તેથીઆ ટેક્નોલોજી સુરક્ષિત હોવી જરૂરી છે.

આપના ધંધાની જાહેરાત માટેનું સર્વશ્રેષ્ઠ માધ્યમ
સત્યમેવ જયતે
Soham24
સોહમ્ ૨૪ પ્રિન્ટ મિડીયાના માધ્યમથી
75750 20982
અમે આપના વ્યવસાયની જાણકારી પહોંચાડવાનું ઉત્તમ માધ્યમ
આપના ધંધાની જાહેરાત વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ
ટચુકડી ૧ લાઈનના રૂ.૧૫/-
(સોમવાર સાંજ સુધીમાં સ્વીકારવામાં આવશે)
છુટક નકલના રૂ.૫-૦૦
વાર્ષિક લવાજમ : રૂ.૪૦૦
બ્લેક એન્ડ વાઈટ
અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.
કલર
અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી.
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Email : soham24info@gmail.com



# નવો પાસવર્ડ બનાવતા પહેલાં અવશ્ય ધ્યાનમાં રાખજો




હવે મોબાઈલ પર લોકોની નિર્ભરતા વધી રહી છે ત્યારે પાસવર્ડ સ્ટ્રોંગ રાખવા જરૂરી છે. નહીં તો તમારો પર્સનલ ડેટા ચોરી થઈ શકે છે અને તમે છેતરપિંડીનો પણ શિકાર બની શકો છો. તમને આજે જણાવીશું કે કઈ રીતથી સ્ટ્રોંગ પાસવર્ડ બનાવી શકો છો.

મજબૂત પાસવર્ડ બનાવવા માટે કેરેક્ટર વધુ હોવા જોઈએ, આ સાથે નંબર અને સ્પેશિયલ કેરેક્ટર પણ હોવા જોઇએ. સાથે દરેક એકાઉન્ટ માટે યુનિક પાસવર્ડ હોવા જરૂરી છે. તે પાસવર્ડને યાદ રાખવા પણ જરૂરી છે.

પાસવર્ડ જનરેટર

ઈન્ટરનેટ પર અનેક એવી વેબસાઈટ અને એપ્સ ઉપલબ્ધ છે, જેની મદદથી મજબૂત પાસવર્ડ જનરેટ કરી શકાય છે. આ પાસવર્ડ સ્ટ્રોંગની સાથે યાદ રહે તેવા પણ હોય છે.

પ્રાઈવેટ જાણકારી

પાસવર્ડ બનાવતી વખતે પ્રાઈવેટ જાણકારી જેવી કે, એડ્રેસ તથા ડેટ ઓફ બર્થનો ઉપયોગ કરવાનું ટાળો. કેમ કે, આવા પાસવર્ડ આસાનીથી ધારી શકાય છે.

સેન્ટેન્સ

પાસવર્ડ બનાવતી વખતે આંકડા અને શબ્દનો ઉપયોગ કરવો. તેમાં તમે સેન્ટેન્સનો પણ ઉપયોગ કરી શકો છો. જો there is no one, we are different સેન્ટેન્સ હોય તો તેનું શોટ tinowad પાસવર્ડ હોય શકે છે.

પાસવર્ડ મેનેજર

આ એક એપ કે વેબસાઈટ હોય છે જે તમામ પાસવર્ડને સુરક્ષિત રાખવાનું કામ કરે છે. જો તમને પાસવર્ડ ભૂલી જવાનો ડર હોય તો પાસવર્ડ મેનેજરનો ઉપયોગ કરી શકો છો. જેમાં એક સાથે અનેક પાસવર્ડ સેવ રહી શકે છે. જો પાસવર્ડ કમજોર હોય તો તેની પણ જાણકારી તે આપે છે.

ટુ ફેક્ટર ઓથેન્ટિકેશન

આ એક એક્સ્ટ્રા સુરક્ષા લેયર છે. જે તમારા એકાઉન્ટને વધુ સિક્યોર બનાવે છે. જેમાં તમારે લોગીન કરવા પર એપમા OTP પણ પાસવર્ડ બાદ એન્ટર કરવાનો હોય છે.

# જૂનો સ્માર્ટફોન સારી કિંમત ટિપ્સ લાગશે કામ

તમે તમારો જૂનો ફોન વેચીને તેની જગ્યાએ નવો ફોન ખરીદવા માંગો છો, તો હવે અમે તમને કેટલીક ટ્રિક્સ જણાવવા જઈ રહ્યા છીએ જે તમારા જૂના સ્માર્ટફોનની સારી કિંમત મેળવવામાં ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. કેટલીક ટ્રિક્સ જૂના સ્માર્ટફોનની સારી કિંમત મેળવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.

કેમેરા સફાઈ

જૂના સ્માર્ટફોનના કેમેરાથી તસવીરો ક્લિક કરતી વખતે તમને પહેલા જેવી ક્વોલિટી મળતી નથી અને ક્યારેક તેનું કારણ એ છે કે કેમેરા બરાબર સાફ નથી થતો અને તેના લેન્સ અંદરથી ગંદા થઈ જાય છે. આવી સ્થિતિમાં જ્યારે પણ તમે ચિત્રને સુધારવાનો પ્રયાસ કરો છો, ત્યારે તમારે સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તમારી સાથે આવું ન થાય તે ધ્યાનમાં રાખીને તમારે તમારા જૂના સ્માર્ટફોનને વેચતા પહેલા હંમેશા સ્ક્રીનીંગ કરાવવું જોઈએ જેથી કરીને સારા ફોટા ક્લિક કરી શકાય.

બેટરી બુસ્ટીંગ

તમે લાંબા સમયથી તમારા સ્માર્ટફોનનો ઉપયોગ નથી કરતા અને હવે તેને વેચવા માંગો છો, તો સૌથી પહેલા તેની બેટરી બૂસ્ટ કરાવો, આ સુનિશ્ચિત કરશે કે તમે જે ગ્રાહકને સ્માર્ટફોન વેચો છો તેને બેટરીને લઈને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં અને તમને આના માટે સારા પૈસા મેળવો તમને સારી કિંમત પણ મળશે.

ફોનની બોડીને ચેન્જ કરો

તમારો જૂનો સ્માર્ટફોન તમે વેચવા માગો છો અને એ પણ સારી કિંમત માટે તો તો સ્વાભાવિક છે કે ફોન પર પર ઘણા પ્રકારના સ્ક્રેચ હશે જે સારા નથી લાગતા અને બહાર જોયા પછી, તે તમારા જૂના સ્માર્ટફોનની કિંમત તેને લીધે ઓછી આવશે. દરેક સાથે આવું ન થાય અને તમારા જૂના સ્માર્ટફોનને સ્ટાઈલિશ અને નવો દેખાવા માટે તમારે તેની બોડી બદલવી પડશે અને જે સ્માર્ટફોનમાં કેબિનેટ નથી, તમે તેને નવો લુક આપવા માટે તેની પાછળની પેનલ બદલી શકો છો.

# સોનાના દાગીના સાચા છે કે નકલી તે ઓળખવું ખૂબજ જરૂરી



દુકાનમાં સોનાના દાગીના સાચા છે કે નકલી તે ઓળખવું ખૂબ જ જરૂરી છે. નકલી સોનાના વેચાણના ઘણા કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. અને આવી સ્થિતિમાં તમારી મહેનતના પૈસાથી તેને ખરીદતી વખતે તેની તપાસ કરવી જરૂરી બની જાય છે. ચાલો તમને કેટલીક ખાસ પદ્ધતિઓ બતાવીએ.

લગ્ન અને તહેવારો પર સોનાની ખરીદી વધે છે

ભારતમાં સોનાનો ક્રેઝ જૂનો છે જ્વેલરી સિવાય તેને રોકાણના વિકલ્પ તરીકે પણ અપનાવવામાં આવે છે. લગ્ન હોય કે કોઈ તહેવાર કે પ્રસંગ, દેશમાં સોનાના દાગીનાની ખરીદીમાં જોરદાર વધારો જોવા મળે છે.

હવે જ્યારે રક્ષાબંધનનો તહેવાર છે અને આ અવસર પર બહેનને સોનાની ભેટ આપવાનું ચલણ પણ વધી રહ્યું છે. જ્વેલરીની દુકાનમાં સોનાને ઓળખવાની ઘણી રીતો છે, પરંતુ તેમાંના કેટલાક એવા છે જેનો ઉપયોગ કરીને તમે દુકાનમાં જ ઝડપથી ઓળખી શકો છો કે તમે જે સોનાના દાગીના ખરીદી રહ્યા છો તે સાચા છે કે નકલી. પહેલી વાત એ છે કે જ્વેલરી ખરીદતી વખતે તેના પર હોલમાર્ક ચોક્કસ ચેક કરો.

BIS કેર એપનો ઉપયોગ

સોનાની શુદ્ધતા અને તે વાસ્તવિક છે કે નકલી તે ઓળખવા માટે, તમારે સૌથી પહેલા ધ્યાનમાં રાખવાની છે કે તમે જે સોનાના દાગીના ખરીદી રહ્યા છો તેના પર હોલમાર્ક છે કે નહીં. હા, આ હોલમાર્ક ચિહ્ન એ સોનાની શુદ્ધતાનો પુરાવો છે. તમે BIS કેર એપ દ્વારા તમે જે જ્વેલરી ખરીદો છો તેની ગુણવત્તા સહિતની તમામ વિગતો તમે જાણી શકો છો. આ માટે, તમારા ફોનમાં આ એપ ડાઉનલોડ કર્યા પછી અને તેને ખોલ્યા પછી, તમારે જ્વેલરી પર હાજર ૬ અંકનો હોલમાર્ક નંબર દાખલ કરવો પડશે અને બધી માહિતી તમને તરત જ ઉપલબ્ધ થશે.

ચુંબકનો ઉપયોગ વાસ્તવિક કે નકલી ઓળખવા માટે પણ કરી શકાય છે

અમે સોનાની ડિજિટલ ઓળખ વિશે વાત કરી છે, હવે ચાલો એક જૂની પદ્ધતિ જોઈએ, જેમાં તમે ચુંબકનો ઉપયોગ કરીને તે સોનાની શુદ્ધતાની પુષ્ટિ કરી શકો છો. જે તમે ખરીદી રહ્યા છો. તેનો સિદ્ધાંત ખૂબ જ સરળ છે, વાસ્તવમાં તમારે માત્ર એ જ કરવાનું છે કે તમે જે સોનું ખરીદો છો તેને ચુંબકના સંપર્કમાં લાવવાનું છે. જો સોનું ચુંબકને ચોંટી જાય તો તે વાસ્તવિક નથી, જ્યારે સોનું જ્યારે ચુંબકને ચોંટી જાય છે, તો તે સોનું વાસ્તવિક છે.

વિનેગર દ્વારા પણ સરળતાથી ઓળખી શકાય છે

હવે સોનાને ઓળખવાની ત્રીજી પદ્ધતિ પર આવીએ છીએ, તમે રસોડામાં ઉપયોગમાં લેવાતા વિનેગરની મદદથી તેની શુદ્ધતા સરળતાથી ઓળખી શકો છો. આ માટે તમે જે સોનાના દાગીના ખરીદી રહ્યા છો, તેના પર વિનેગરના થોડા ટીપાં નાખો અને થોડીવાર ધ્યાનથી જોશો કે જો તમે તમારા હાથમાં રહેલા સોનાના દાગીનાના રંગમાં કોઈ ફેરફાર જોશો તો માની લો કે સોનું વાસ્તવિક નથી. જ્યારે સોનાનો રંગ બદલાતો નથી, તો આ કિસ્સામાં તમારું સોનું વાસ્તવિક છે.



# "સ્ત્રી-૨" એ અન્ય ફિલ્મોને પાછળ રાખી અધ..ધ... કમાણી કરી




રાજકુમાર રાવની ફિલ્મ 'સ્ત્રી ૨' સિનેમાઘરોમા ધુમ મચાવી રહી છે. ફિલ્મે તમામ રેકોર્ડ તોડી કરોડો રૂપિયાની કમાણી કરી રહી છે અને હવે તે ૬૦૦ કરોડના આંકડાને સ્પર્શવાની ખૂબ નજીક પહોંચી ગઈ છે..

રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર સ્ટારર ફિલ્મ 'સ્ત્રી ૨'એ બોક્સ ઓફિસ પર કબજો જમાવ્યો છે. રિલીઝના એક મહિના પછી પણ આ હોરર કોમેડીનો ક્રેઝ દર્શકોના માથા પરથી ઉતર્યો નથી, જેના કારણે 'સ્ત્રી ૨' પાંચમા સપ્તાહમાં પણ કરોડોનો બિઝનેસ કરી રહી છે. ફિલ્મે તેની કિંમત કરતા અનેક ગણો વધુ બિઝનેસ કર્યો છે અને મેકર્સની તિજોરી પણ ચલણી નોટોથી ભરાઈ ગઈ છે પરંતુ તેની કમાણી અટકી રહી નથી.

આ 'સ્ત્રી ૨' શું કરશે? હા, આવું એટલા માટે કહેવું પડે છે કારણ કે આ ફિલ્મ દરરોજ નવો ઈતિહાસ રચી રહી છે. ફિલ્મે રિલીઝના પહેલા દિવસે જ જોરદાર કલેક્શન કર્યું હતું અને ત્યાર બાદ તેણે ઘણી કમાણી કરી હતી. જોકે પાંચમા સપ્તાહમાં ફિલ્મની કમાણી ઘટી છે, તેમ છતાં તે કરોડોનું કલેક્શન કરી રહી છે. ૩૪માં દિવસે, આ ફિલ્મે શાહરૂખ ખાન જવાનના સંગ્રહને પાછળ છોડી દીધો અને સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મનો રેકોર્ડ પોતાના નામે કર્યો.

'સ્ત્રી ૨'ના અત્યાર સુધીના બિઝનેસની વાત કરીએ તો, ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શના ડેટા અનુસાર, ફિલ્મે રિલીઝના પહેલા અઠવાડિયામાં ૩૦૭.૮૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

બીજા સપ્તાહમાં 'સ્ત્રી ૨'નું કલેક્શન ૧૪૫.૮૦ કરોડ રૂપિયા હતું.

હોરર કોમેડીએ ત્રીજા સપ્તાહમાં ૭૨.૮૩ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું.

ચોથા સપ્તાહમાં 'સ્ત્રી ૨'એ ૩૭.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

પાંચમા શુક્રવારે 'સ્ત્રી ૨' એ ૩.૬૦ કરોડ રૂપિયા, પાંચમા શનિવારે ૫.૫૫ કરોડ રૂપિયા, પાંચમાં રવિવારે ૬.૮૫ કરોડ રૂપિયા, પાંચમાં સોમવારે રૂપિયા ૩.૧૭ કરોડ અને પાંચમાં મંગળવારે રૂપિયા ૨.૬૫ કરોડની કમાણી કરી હતી.

આ પછી ૩૪ દિવસમાં 'સ્ત્રી ૨'ની કુલ કમાણી ૫૮૬.૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ. આમ આ સાથે 'સ્ત્રી ૨'ની ૩૫ દિવસની કુલ કમાણી હવે ૫૮૮.૦૦ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે.

'સ્ત્રી ૨'એ સાબિત કરી દીધું છે કે જો વાર્તા મજબૂત હશે તો ફિલ્મને બોક્સ ઓફિસ પર ધમાલ કરતા કોઈ રોકી શકશે નહીં. 'સ્ત્રી ૨' એ પણ આવું જ કર્યું છે. દર્શકોને આ ફિલ્મની વાર્તા એટલી પસંદ આવી છે કે તે કરોડો રૂપિયાનું કલેક્શન કરી રહી છે. હવે તે વધુ એક નવો રેકોર્ડ પોતાના નામે કરવાની તૈયારી કરી રહી છે. વાસ્તવમાં નંબર ૧ હિન્દી ફિલ્મ બન્યા બાદ હવે તે ઝડપથી ૬૦૦ કરોડ રૂપિયાની નવી ક્લબ શરૂ કરવા તરફ આગળ વધી રહી છે.

# રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૨૪ : જાણો કઈ ફિલ્મની પસંદગી કયા એવોર્ડ માટે થઈ







રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એ સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારો છે, જે દેશભરમાં શ્રેષ્ઠ ફિલ્મ નિર્માણ પ્રતિભાઓને સન્માનિત કરવા માટે દર વર્ષે જાહેર કરવામાં આવે છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફિલ્મ ફેસ્ટિવલ નિર્દેશાલયના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનો ઉદ્દેશ 'સૌંદર્યલક્ષી અને તકનીકી શ્રેષ્ઠતા અને સામાજિક સુસંગતતા ધરાવતી ફિલ્મોના નિર્માણને પ્રોત્સાહિત કરવાનો છે.' આ પુરસ્કારો, સૌપ્રથમ ૧૯૫૪ માં આપવામાં આવ્યા હતા, જે રાજ્ય પુરસ્કારો તરીકે જાણીતા હતા. તે વર્ષોમાં, વિવિધ પ્રાદેશિક ભાષાઓની શ્રેષ્ઠ ફિલ્મોને જ માન્યતા આપવામાં આવી હતી અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.આ પુરસ્કાર સૌપ્રથમ ૧૯૬૭માં ફિલ્મોમાં કામ કરતા કલાકારો અને ટેકનિશિયનને આપવામાં આવ્યા હતા. રાત ઔર ડેમાં તેના અભિનય માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મેળવનાર નરગીસ પ્રથમ અભિનેત્રી હતી. ઉત્તમ કુમારે એ જ વર્ષે એન્ટની ફિરિંગી અને ચિડિયાખાના માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીત્યો હતો.

આનંદ એકારશીએ ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં મલયાલમ ફિલ્મ 'અટ્ટમ' માટે શ્રેષ્ઠ પટકથાનો પુરસ્કાર જીત્યો છે. નિત્યા મેનેને 'તિરુચિત્રમ્બલમ' માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો અને માનસી પારેખને 'કચ્છ એક્સપ્રેસ' માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો છે.

મલયાલમ ફિલ્મ 'અટ્ટમ'ને ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. સૂરજ બડજાત્યાને ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં 'ઊંચાઈ' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ મળ્યો છે. નૌશાદ સદર ખાનને ફૌજા માટે ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ ગીતકારનો એવોર્ડ મળ્યો છે. અપરાજિતોએ ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ પ્રોડક્શન ડિઝાઈનનો એવોર્ડ જીત્યો હતો. મલયાલમ ફિલ્મ 'અટ્ટમ'ને ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં બેસ્ટ એડિટિંગનો એવોર્ડ મળ્યો હતો.

ઋષભ શેટ્ટીએ ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીત્યો છે. ફિલ્મ કંતારામાં તેના જોરદાર અભિનય માટે તેને આ સન્માન મળ્યું છે.

પ્રીતમને 'બ્રહ્માસ્ત્ર' માટે શ્રેષ્ઠ સંગીતનો એવોર્ડ મળ્યો છે.

'કાબેરી અંતર્ધાન'ને ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ બંગાળી ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો.

'વલવી'ને ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં શ્રેષ્ઠ મરાઠી ફિલ્મનો એવોર્ડ મળ્યો છે. 'કાર્તિકેય ૨'એ ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ તેલુગુ ફિલ્મનો એવોર્ડ જીત્યો છે.

૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં 'પોનીયિન સેલ્વન ૧' એ શ્રેષ્ઠ તમિલ ફિલ્મનો એવોર્ડ જીત્યો હતો.

'KGF ચેપ્ટર ૨' એ ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં સર્વશ્રેષ્ઠ કન્નડ ફિલ્મનો પુરસ્કાર જીત્યો. ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં 'ઈમુથી પુથી'ને શ્રેષ્ઠ આસામી ફિલ્મનો એવોર્ડ મળ્યો.

૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં 'દમણ'ને શ્રેષ્ઠ ઓડિયા ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો.

'બાગી દી ધી'ને ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં સર્વશ્રેષ્ઠ પંજાબી ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો.

૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં 'સિકાયસલ'ને શ્રેષ્ઠ તિવા ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો.

'KGF ચેપ્ટર ૨' એ બેસ્ટ સ્ટંટ કોરિયોગ્રાફીનો એવોર્ડ પણ જીત્યો હતો. મનોજ બાજપેયીએ ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં 'ગુલમહોર' માટે સ્પેશિયલ મેન્શન એવોર્ડ જીત્યો હતો.

આ કેટેગરીમાં બીજો વિશેષ એવોર્ડ સજય સલિલ ચૌધરીએ જીત્યો છે. આ તેમને ફિલ્મ 'કધિકન'માં સંગીત માટે આપવામાં આવ્યું છે.

નોન-ફીચર કેટેગરીમાં 'બેસ્ટ એડિટિંગ'નો એવોર્ડ સુરેશ ઉર્સે જીત્યો હતો. તેમને આ સન્માન ફિલ્મ 'મધ્યતર' માટે મળ્યું હતું. 'આયના'ને ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં સર્વશ્રેષ્ઠ નોન ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો છે.

# મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ 2024 નો તાજ NIR ગુજરાતી ધ્રુવી પટેલે જીત્યો



અમેરિકાની કોમ્પ્યુટર ઈન્ફોર્મેશન સિસ્ટમનો અભ્યાસ કરી રહેલી ધ્રુવી પટેલ આ વર્ષ મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ તરીકે પસંદગી પામી છે. ૮ વર્ષની ઉંમરમાં તેમણે આ સપનું જોયું હતુ. જે હવે પૂર્ણ થયું છે આ બ્યુટી પ્રેઝેન્ટ ન્યુ જર્સીમાં આયોજન કરવામાં આવ્યું હતુ.

ધ્રુવી પટેલ આ વર્ષની મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ ૨૦૨૪ની પસંદગી થઈ ચૂકી છે. જે ભારતની બહાર ચાલતી એક ઈન્ડિયન બ્યુટી પ્રેઝેન્ટ છે, ધ્રુવી અમેરિકાથી કોમ્પ્યુટર ઈન્ફોર્મેશન સિસ્ટમમાં અભ્યાસ કર્યો છે. જેનું આયોજન ન્યુ જર્સીના શહેર એડિસનમાં કરવામાં આવ્યું હતુ.

ધ્રુવીએ મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડની ફાઈનલ દરમિયાન જણાવ્યું કે, તે આગળ ચાલી બોલિવુડ અભિનેત્રી અને UNICEFની એમ્બેસેડર બનવા માંગે છે. આ પહેલા ધ્રુવીએ મિસ ઈન્ડિયા ઈંગ્લેન્ડ ૨૦૨૩નું ટાઈટલ પણ જીત્યું છે.

ન્યુ જર્સીમાં મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ ૨૦૨૪નો તાજ પહેર્યા બાદ ધ્રુવી પટેલે ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ જીતવું ખુબ મોટા સન્માનની વાત છે. ધ્રુવી ગ્રીસ્વોલ્ડ કનેક્ટિકટની રહેવાસી છે. જે અમેરિકાના શહેર કનેક્ટિકટમાં સ્થિત ક્વિનિપિયાક વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરે છે.

મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ ૨૦૨૪ના વિનરને ૫ હજાર અમેરિકી ડોલર (૪ લાખ રુપિયાથી વધુ) કેશ પ્રાઈઝ આ સાથે આ પ્રાઈઝમાં ૫ દેશની ટ્રિપ પણ સામેલ છે. આ પ્રેઝેન્ટમાં ૩૫થી વધારે દેશોના લોકો સામેલ રહે છે.

મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ ૨૦૨૪માં સાઉથ આફ્રિકાની સૂરીનામની લિસા અબ્દેલહક ફર્સ્ટ રનર અપ તરીકે અને નેધરલેન્ડની માલવિકા શર્મા સેકન્ડ રનર અપ જાહેર કરવામાં આવી હતી.

**ખાસ નોંધ : સોહમ૨૪ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલા કોઈપણ આરોગ્ય સબંધિત બાબતો (નુસખા-ટીપ્સ)નો ઉપયોગ કરતા પહેલા ડોક્ટરની સલાહ લેવી.**

# પૂરતી ઊંઘ કેટલી જરૂરી?



ઊંઘ આપણા શરીર માટે એટલી જ જરૂરી છે જેટલી ખોરાક કે પીવાનું પાણી. જેમ કે મશીનને સમયાંતરે રિચાર્જ કરવું જરૂરી છે. એ જ રીતે ઊંઘ આપણા શરીરને રિચાર્જ કરે છે. તેથી જ્યારે આપણે પૂરતી ઊંઘ નથી લેતા, ત્યારે આપણા શરીર અને મન બંનેને અસર થાય છે. ઊંઘના અભાવે ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે, જે આપણા રોજિંદા જીવનને અસર કરી શકે છે.

વજન વધવું

ઊંઘ ન આવવાને કારણે આપણા શરીરમાં ઘ્રેલિન અને લેપ્ટિન નામના હોર્મોન્સનું સંતુલન ખોરવાઈ જાય છે. ઘ્રેલિન એ એક હોર્મોન છે જે ભૂખ વધારે છે, જ્યારે લેપ્ટિન ભૂખ ઘટાડે છે. ઊંઘનો અભાવ ઘ્રેલિનનું સ્તર વધારી શકે છે. જેનાથી આપણને વધુ ખાવાની ઈચ્છા થાય છે અને વજન વધે છે.

હૃદય રોગ

ઊંઘની અછત હૃદય રોગ માટે જોખમી પરિબળોને વધારી શકે છે જેમ કે હાઈ બ્લડ પ્રેશર, હાઈ કોલેસ્ટ્રોલ અને ચરબી. આ હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ વધારી શકે છે.

નબળી રોગપ્રતિકારક શક્તિ

પૂરતી ઊંઘ ન લેવાથી આપણી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. આના કારણે આપણે સરળતાથી ચેપ અને રોગો માટે સંવેદનશીલ બનીએ છીએ.

યાદશક્તિની સમસ્યાઓ

ઊંઘ આપણા મગજને નવી માહિતી એકત્રિત કરવામાં અને યાદ રાખવામાં મદદ કરે છે. પરંતુ પૂરતી ઊંઘ ન લેવાથી આપણી યાદશક્તિ નબળી પડી શકે છે અને આપણે વસ્તુઓને વધુ સરળતાથી ભૂલી શકીએ છીએ.

માથાનો દુખાવો

ઊંઘનો અભાવ પણ માથાનો દુખાવો અને માઈગ્રેનનું જોખમ વધારી શકે છે.

# ઓનલાઈન દવા મંગાવો તો ક્યારેય આવી ભૂલો ન કરતા

આપણી આસપાસ એવી ઘણી બીમારીઓ છે જે કાં તો હવામાનના આધારે આપણને શિકાર બનાવે છે અથવા તો આપણી ખરાબ દિનચર્યાના કારણે આપણે બીમાર થઈ જઈએ છીએ. વાસ્તવમાં, ભાગદોડ ભરેલા જીવનમાં, ક્યારે કોણ કેવી રીતે બીમાર થઈ જાય એ વિશે કંઈ કહી શકાય નહીં. એટલે એ જરૂરી બની જાય છે કે તમે ડૉક્ટરના સંપર્કમાં રહો અને તેમના દ્વારા સૂચવવામાં આવેલી દવાઓ નિયમિતપણે લો. ત્યારે આજકાલ લોકો ઓનલાઈન દવાઓ પણ ઓર્ડર કરે છે. આનાથી આવવા-જવાનો સમય બચે છે અને કોઈને અલગ-અલગ મેડિકલ સ્ટોર પર દવાઓ શોધવાની જરૂર નથી પડતી. પરંતુ જો ઓનલાઈન દવાઓ મંગાવી રહ્યા હોવ, તો કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. નહિંતર મુશ્કેલીમાં મુકાઈ શકો છો. તો ચાલો જાણીએ આ બાબતો વિશે.

જો તમે ઓનલાઈન દવા મંગાવો છો તો સૌથી પહેલા ચેક કરો કે તે સાચી છે કે નહીં. આ માટે, તમે દવાઓના નામને ડૉક્ટર દ્વારા આપવામાં આવેલા પ્રિસ્ક્રિપ્શન સાથે મેચ કરી શકો છો. તેમજ તમે તમારા ડૉક્ટરને દવા બતાવી શકો છો જેથી તમે જાણી શકો કે દવા યોગ્ય છે કે નહીં.

સામાન્ય રીતે, જ્યારે આપણે ઓનલાઈન દવાઓ ખરીદીએ છીએ, ત્યારે ઘણી એવી એપ્સ હોય છે જે આપણને સસ્તા ભાવે દવાઓ આપે છે. પરંતુ તમારે



કિંમત ઓફલાઈન પણ શોધવી જોઈએ. આ કારણે શક્ય છે કે તમને ઓછી કિંમતે દવા મળી શકે. પરંતુ આ સમય દરમિયાન ગુણવત્તા સાથે બિલકુલ સમાધાન ન કરો.

જ્યારે પણ તમે ઓનલાઈન દવા ખરીદો ત્યારે ફેક વેબસાઈટ અથવા એપ્સથી દૂર રહો. વાસ્તવમાં, તે તમને નકલી દવાઓ આપી શકે છે અથવા ઑફર વગેરેની લાલચ આપીને તમને છેતરી શકે છે. તેથી, હંમેશા વિશ્વસનીય એપ પરથી જ દવાઓ ખરીદો જેથી તમને અસલી દવાઓ મળે.

# સવારે ઉઠતાં વેંત કરો તાજગીભર્યું કામ ૫૬ બીમારી શરીરમાંથી થશે દૂર



સવારે ઉઠીને પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, પરંતુ જાણવું જરૂરી છે કે ઠંડુ પાણી પીવું સારું કે ગરમ. સવારે ગરમ પાણી પીવું પાચનતંત્ર માટે સારું માનવામાં આવે છે. એટલુ જ નહિ સવારે ગરમ પાણી પીવાના અનેક ફાયદા છે. ૫૬ બિમારીઓ દૂર રહે છે.

સવારે ઉઠીને પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, પરંતુ તે જાણવું જરૂરી છે કે ઠંડુ પાણી પીવું સારું કે ગરમ. સવારે ગરમ પાણી પીવું પાચનતંત્ર માટે સારું માનવામાં આવે છે. પાણી આપણા શરીર માટે ખૂબ જ જરૂરી છે. તે શરીરને હાઈડ્રેટ રાખે છે. તેમજ અનેક રોગોથી બચાવે છે. તેથી દરેક વ્યક્તિએ દરરોજ નિયમિતપણે ૨-૩ લિટર પાણી પીવું જોઈએ.

આયુર્વેદમાં એવું માનવામાં આવે છે કે પાણી પીવાથી દિવસની શરૂઆત કરવાથી અનેક પ્રકારની બીમારીઓ દૂર રહે છે. તેથી જ મોટાભાગના લોકો સવારે ઉઠ્યા પછી પાણી પીવું પસંદ કરે છે. આમાંથી કેટલાક લોકો ગરમ પાણી પીવે છે તો કેટલાક ઠંડુ પાણી પીવે છે. આવી સ્થિતિમાં ચાલો જાણીએ કે બંનેમાંથી કઈ વધુ ફાયદાકારક અને અસરકારક છે.

ગરમ પાણી પાચનતંત્રને સક્રિય કરે છે અને આંતરડામાં રહેલી ગંદકીને બહાર કાઢવામાં મદદ કરે છે. તેનાથી કબજિયાતની સમસ્યામાં રાહત મળે છે.. ગરમ પાણી પીવાથી મેટાબોલિઝમ પણ વધે છે. ગરમ પાણી પીવાથી શરીરમાં જમા થયેલી ચરબી ઝડપથી બર્ન થાય છે. વહેલી સવારે ગરમ પાણી પીવાથી ઝડપથી વજન ઘટાડવામાં મદદ મળે છે.


સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે સવારે વહેલા ઉઠીને માત્ર ગરમ પાણી પીવું જોઈએ, કારણ કે ઠંડુ પાણી પાચનતંત્રને સંકુચિત કરી શકે છે અને ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે. તેનાથી અપચો, ગેસ અને એસિડિટી જેવી સમસ્યાઓ થઈ શકે છે.

ઠંડુ પાણી પીવાથી રક્તવાહિનીઓ સંકોચાઈ શકે છે, જેના કારણે રક્ત પરિભ્રમણ ધીમી પડી જાય છે અને શરીરને યોગ્ય સમયે પોષક તત્વો નથી મળતા. આ સિવાય ઠંડુ પાણી પીવાથી શરીરનું તાપમાન ઘટે છે, જેના કારણે શરીર તેના સામાન્ય તાપમાનમાં પાછા આવવા માટે વધુ ઊર્જા ખર્ચે છે અને થાક લાગે છે.

આયુર્વેદમાં કહેવાયું છે કે જો તમે સવારે ઉઠતાની સાથે જ એક ગ્લાસ ગરમ પાણી પી લો તો શરીરમાં ત્રણે દોષો - વાત, પિત્ત અને કફ સંતુલિત રહે છે. તેનાથી ૫૬ પ્રકારની બીમારીઓ દૂર રહે છે. આમ કરવાથી પાચન સંબંધી સમસ્યાઓ નહીં થાય, સ્થૂળતા, હૃદયરોગ, ડાયાબિટીસ, શરદી અને ત્વચા સંબંધિત સમસ્યાઓથી બચી શકાય છે.

# ખાંસીથી પરેશાન : દેશી નુસખા અપનાવી શકો

આ ચોમાસાની ઋતુમાં અનેક બીમારીઓ શરીરમાં ઘર કરી જાય છે. જેમાં શરદી, ખાંસી, મેલેરિયા, તાવ ડાયેરિયા જેવી સમસ્યા થઈ શકે છે. જેમાં ખાંસી આ ઋતુ વધુ લોકોને પોતાનો શિકાર બનાવે છે.ખાંસી મુખ્યત્વે બે પ્રકારની હોય છે. જેમાં એક સૂકી ખાંસી અને બીજી ગળફાવાળી ખાંસી. ખાંસીના કારણે છાતીમાં દુઃખાવો થાય છે. અત્યારે કફ સીરપનો ઉપયોગ કરવો જોખમકારક સાબીત થઈ શકે છે. અમુકને તેના સેવનથી વિકનેસ અને ઊંઘ આવવા લાગે છે. જો તમે ખાંસીથી પરેશાન હોવ તો અમુક દેશી નુસખા અપનાવી શકો છો.



આદુની ચા

ઔષધીય ગુણથી ભરપુર પોષક તત્ત્વનું પાવર હાઉસ હોય છે. જેમાં સોજારોધી અને રોગાણુરોધી ગુણ હોય છે. આદુની ચા પીવાથી ખાંસીથી છુટકારો મળી શકે છે. તેની ચા બનાવવા માટે આદુની એક સ્લાઈસ લો તેને પાણીમાં લગભગ ૧૦ મિનિટ સુધી ઉકાળો. તેમાં લીંબુ રસ મિક્સ કરી શકો છો.

મધ

એક ચમચી મધને ગરમ પાણીમાં મિક્સ કરીને સેવન કરવામાં આવે તો ગળાને આરામ મળે છે. સૂતા પહેલાં જો એક ચમચી મધનું સેવન કરવામાં આવે તો ખાંસીથી મુક્તિ મળી શકે છે.

દૂધ સાથે હળદર

ખાંસીના ઈલાજ માટે ગરમ દૂધમાં હળદરનું સેવન કરી શકાય છે. હળદરમાં સોજારોધી અને એન્ટી ઓક્સીડેન્ટ ગુણ હોય છે. જે ખાંસી અને સર્દીને દુર કરવાનું કામ કરે છે. એક કપ દૂધ ગરમ કરો અને તેમાં એક ચમચી હળદર મિક્સ કરો. સૂતા પહેલાં તેનું સેવન કરો. તે ઈમ્યૂનિટી સ્ટ્રોંગ પણ કરે છે.

ગરમ ચિકન સૂપ

જો તમે નોનવેજ ખાતાં હોય તો ચિકનનો ગરમ સૂપ પી શકો છો. જેથી ખાંસીમાં આરામ મળે છે.

ગરમ પાણીની વરાળ

વરાળથી ખાંસીમાં રાહત મળે છે. જે કફને લુઝ કરવાનું કામ કરે છે અને વાયુ માર્ગને આરામ આપે છે. પ-૧૦ મિનિટ સુધી ગરમ પાણીની વરાળ લેવાથી ખાંસીથી છુટકારો મળે છે.

**ખાસ નોંધ : સોહમરજ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલા કોઈપણ આરોગ્ય સબંધિત બાબતો (નુસખા-ટીપ્સ)નો ઉપયોગ કરતા પહેલા ડોક્ટરની સલાહ લેવી.**

# સુરેન્દ્રનગરમાં હૃદય રોગ નિવારણ માટે યોગ શિબીરમાં લોકોનો ઉત્સાહ જોવા મળ્યો



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શિશપાલજી, સ્ટેટ કોર્ડીનેટર અનિલભાઈ ત્રિવેદી, કચ્છ - સૌરાષ્ટ્ર ઝોન કોર્ડીનેટર વિજયભાઈ શેઠના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં યોગ દ્વારા હૃદય રોગ નિવારણ અભિયાનને જિલ્લા કક્ષાની શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શિબિરના મુખ્ય હેતુ યોગ દ્વારા હૃદય રોગ ને પડકાર આપીને નિરોગી જીવન જીવવા માટે યોગાસન સૂક્ષ્મ ક્રિયા પ્રાણાયામ દ્વારા માહિતી આપી હતી જેમાં મહેમાન ભરતસિંહ ગોહિલ(યુવા વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ), સી કે પરમાર(પતંજલિ યોગ), હસમુખસિંહ પરમાર(સહમંત્રી માનવ અધિકાર સુરક્ષા સંઘ), ધીરુભાઈ પટેલ(કડવા પાટીદાર બોર્ડિંગ સહમંત્રી) તથા કડવા પાટીદાર ના મંત્રીઓ ની ઉપસ્થિતિમાં સુરેન્દ્રનગર જીલ્લાની યોગ બોર્ડ ટીમના જીલ્લા કોડીનેટર મોનીકા ચુડાસમા, સુરેન્દ્રનગર જિલ્લા કોચ ભારતીબેન કવૈયા, વઢવાણ તાલુકા કોચ અંજનાબેન કવા, લખતર તાલુકો કોચ ઈલાબેન કવા તથા યોગ બોર્ડના તમામ ટ્રેનરો દ્વારા હૃદય રોગ નિવારણ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૬૫૦ થી પણ વધારે લોકોએ ભાગ લીધો હતો અને ખૂબ જ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# રતનપર લાઇફ લાઇન ફાઉન્ડેશનની સેવાકીય સુવાસ વિષે થોડી વાતો...

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર શહેરના છેવાડાના વિસ્તારોમાં શ્રમજીવી લોકો વસવાટ કરે છે. ત્યારે આવા શ્રમજીવી લોકોના વિકાસ માટે અનેક સેવાભાવી લોકો સેવાના ઉદેશ સાથે કામ કરી રહ્યા છે.ત્યારે લાઈફ લાઈન ફાઉન્ડેશન ગ્રુપ (રતનપર-સુરેન્દ્રનગર) નો મુખ્ય લોકો સાથે પશુઓને મદદરૂપ થવાનો છે. જેમાં મુખ્યત્વે ઝૂંપડપટ્ટી બાળકો તથા ગરીબ ઘર અને રાષ્ટ્રહિત તથા પર્યાવરણ માટે ખૂબ જ સારું કાર્ય કરી રહ્યા છે.

પર્યાવરણને હરિયાળુ બનાવવા માટે વૃક્ષ વિતરણ કેમ્પ તથા જ્યારે ખુબજ તાપમાન હોય ત્યારે પક્ષીઓ માટે ચકલી ઘર, ચકલી ચણ,અને પાણી કુંડા વિતરણ પણ ફાઉન્ડેશનના સભ્યો દ્વારા કેમ્પ પણ કરેલ છે. તેમજ નિરાધાર ગાયો માટે ઘાસચારા માટેનું પણ આયોજન કરે છે.

ત્યારે હાલ પાલતુ શ્વાનો પાછળ માણસો ૫૦૦૦ કે ૧૦,૦૦૦ સુધીનો ખર્ચ કરી રહ્યા છે, આ લાઈફ લાઈન સેવા ગ્રુપ શ્વાન માટે લાપસી અને ખીર ખવડાવીને રાજીપો કરી રહ્યું છે.

જ્યારે ખૂબજ ઊંચું તાપમાન હોય ત્યારે ઝુંપડપટ્ટી તથા ગરીબ ઘરના બાળકો માટે ચંપલની ખાસ જરૂરિયાત હોય છે ત્યારે આ તેમની જરૂરિયાત પૂરી ફાઉન્ડેશનના સભ્યો પુરી પાડી રહ્યા છે.

આ ઉપરાંત પગપાળા યાત્રાળુઓ દર્શને જતા હોય ત્યારે તેમના માટે લાઈવ ઠંડા આઈસ્ક્રીમનું વિતરણ કેમ્પ કરતા હોય છે અને આ સેવા ગ્રુપ નિરાધાર વૃદ્ધોના ઘરે જઈ તેમની જરૂરી મૂજબ અનાજ કીટ આપી વડીલોનો આશિર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે. આમલ છેલ્લા ૯ મહિનાથી આવા ઘણા નાના મોટા ૨૬ થી વધારે કેમ્પ તથા સેવા કાર્ય કરીને રાષ્ટ્રહિત માટે કામ કરી રહ્યા છે.

# ગુજરાત બિઝનેસ ગ્લોરી એવોર્ડ ૨૦૨૪નું આયોજન કરાયું




સુરેન્દ્રનગરના પ્રખ્યાત નવકાર શોરૂમ વાળા અનુજભાઈ રાજુભાઈ વ્યાસના ધર્મ પત્નિને સર્વે શ્રેષ્ઠ આર્યુવેદિક ડોક્ટર (ચામડી, વાળ તથા આરોગ્ય શ્રેણીમાં) થી પુસ્સ્કારીત કરવામાં આવેલ છે.

સ્વિફ્ટએનલિફ્ટ મીડિયા ગ્રુપ દ્વારા ગુજરાત બિઝનેસ ગ્લોરી એવોર્ડ ૨૦૨૪ નું આયોજન કરવામાં આવતા અમદાવાદ શહેર ઉત્સાહથી ગુંજી ઉઠ્યું હતું. આ એવોર્ડ જ્યોતિષ પ્રવીણકુમારજી દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. બોલીવુડની જાણીતી અભિનેત્રી રિમી સેન આ એવોર્ડ શોમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આ ગુજરાત બિઝનેસ ગ્લોરી એવોર્ડ્સ ૨૦૨૪નું આયોજનમાં લગભગ ૪૫ ઉદ્યોગપતિઓને આ પ્રતિષ્ઠિત સન્માન્ય એનાયત કરવામાં આવ્યું છે.

આ એવોર્ડમાં વ્યાસા આર્યુવેદાના નામાંકીત ડોકટર તથા સુરેન્દ્રનગરના પ્રખ્યાત નવકાર શોરૂમ વાળા અનુજભાઈ રાજુભાઈ વ્યાસના ધર્મ પત્નિને સર્વે શ્રેષ્ઠ આર્યુવેદિક ડોક્ટર (ચામડી, વાળ તથા આરોગ્ય શ્રેણીમાં) ને ગુજરાત બિઝનેસ ગ્લોરી અવોર્ડ ૨૦૨૪ ઈવેન્ટમાં પ્રસિદ્ધ અભિનેત્રી રિમી સેન ના હસ્તે પુસ્સ્કારીત કરવામાં આવેલ છે.


આર્ગન | ઈન્ડ. ઓક્સીજન | એસીટીલીન
મેડીકલ $O_2$ | નાઈટ્રસ | મીક્ષ્ચર ગેસીસ
કીર્તીભાઈ : ૯૮૨૫૪ ૧૨૧૦૮
ભાવિકભાઈ : ૯૪૦૮૮ ૮૮૪૪૦
ઋષિ : ૯૯૨૫૦ ૭૮૫૧૫
VGS
વેલ્ડીંગ રોડ : બોલર,વેલ્ડફાસ્ટ,ESAB, ફેરોવેલ્ડ,એડોર
ડીલર : ગેસ વેલ્ડીંગનો સામાન, ગેસ કટીંગ તથા અન્ય પાવર ટુલ્સ



વિશ્વકર્મા
ગેસ સપ્લાયર

VISHWAKARMA TRADING CO.
Dealers : Power Mech V-Belt, Vulcan/Jagdish Welding Machine, Welding Rod, Tig Rod, Mig Wire & Accessories, Power Tools & Hand Tools, Oxygen, argan, other gases Walding Accessories Neutron Machinery & All Kind of Gas Welding and Cutting Accessories. Inverter base Welding Machine
ESAB · ador WELDING · Vulcan · Casco · WELDFAST
Couseway Road, JORAVARNAGAR - 363 020. (Dist.Surendranagar)
bohler welding · JASIC · HiKOKI · DEWALT · makita · WELSPRING UNIVERSAL · FOX




સોહમ્ ૨૪ સાપ્તાહિક દર ગુરૂવારે
આપની આજુબાજુમાં બનતી સમસ્યાનો ઉકેલ...
મોકલો અમને અમે કરીશુ ઉજાગર
બસ ઉઠાવો ફોન અને સ્કેન કરો કોડ...
સત્યમેવ જયતે
Soham24
Email : soham24info@gmail.com
www.soham24.com
75750 20982

# રોટરી કલબ ઓફ વઢવાણ સિટી દ્વારા ૨૪ વર્ષ દરમિયાન સુરેન્દ્રનગર શહેરને જરૂરી કાયમી સુવિધાઓ ઉપલબ્ધ બનાવી

રોટરી ક્લબ ઓફ વઢવાણ સીટી ૨૦૦૧ માં ચાલુ થઈ, અને ૨૪ વર્ષ દરરિયાન સુરેન્દ્રનગર શહેરને જરૂરી તેવા કાયમી પ્રોજેકટૉ ચાલુ કરેલ જેવા કે, મેડીકલ, - પર્યાવરણ, economic development, education, Youth-sports વિગેરેનો સમાવેશ થાય છે.

**રોટરી ગાર્ડન**

૨૦૦૪-૦૫ માં રોટરી ગાર્ડન શહેરના નાગરીકોને . સમપિત કરેલ. જેમાં



વાર્ષિક ૫૦ હજાર થી વધુ લોકો મુલાકાત લે છે. ગાર્ડનની અંદર સિનિયર સિટિજન ડોમ, વૉંકિંગ એરિયા, બાળકો માટે રમત-ગમતની વગેરે ડેવલોપ, કરવામાં આવેલ છે.

**રોટરી ડાયાલિસિસ સેન્ટર**

વર્ષ ૨૦૧૫ મા Ashwin Shah રોટરી ડાયાલિસિસ સેન્ટરનું લોકાપર્ણ કરવામાં આવ્યું. ત્યારે બે ડાયાલિસિસ મશીનથી ચાલુ કરેલ સેન્ટર આજે ૧૨ મશીન સાથે



કાર્યરત છે. જેમાં મી.યુ. શાહુ મેડીકલ કોલેજના સહકારથી આ સેવા ચાલી રહી છે. જેમાં અત્યાર સુધી ૨૦,૦૦૦ થી વધુ ડાયાલિસિસ થઈ ચૂક્યાં છે.

**રોટરી થેલેસેમિયા સેન્ટર**

વર્ષ ૨૦૧૬ માં રોટરી થેલેસેમિયા સેન્ટર સી.યુ. શાહ મેડીકલ કોલેજના સહકારથી ચાલુ કરવામાં આવેલ. જેમાં આશરે ૧૦૦ થી વધુ બાળકો મેડિકલી દત્તક લેવામાં આવેલ છે. આ સેન્ટર દર બુધવારે ચાલે છે. જેમાં આશરે ૧૪૦૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. આ સેન્ટર ઉપર બાળકોની તપાસ, બ્લડ ટેસ્ટ, દવાઓ, બ્લડ બોટલની સેવાઓ આપવામાં આવે છે. તદઉપરાંત બાળકો તથા તેમના વાલીઓને સવારે નાસ્તો અને બપોરે જમવાનું આપવામાં આવે છે. જેનો સંપુર્ણ ખર્ચ દાતા ઓ દ્વારા આપવામાં આવે છે.

**રોટરી યંગ્સ ક્લબ**

૫૦ વર્ષ જૂની આ ક્લબને બંધ હાલતમાં - ૨૦૧૨માં ફરીથી ચાલુ કરી રીનોવેટ કરવામાં આવી. જેમાં ટેબલ ટેનિસ, ચેસ, લાઈબ્રેરી અને કોન્ફરન્સ રૂમ ની સગવડતાઓ આપવામાં આવે છે...

**રોટરી અન્નપૂર્ણા રથ**




વર્ષ ૨૦૨૨માં રોટરી અન્નપૂર્ણા રથ - : રામ ભોજનાલયના સહયોગથી ચાલુ કરવામાં - આવ્યો. દરરોજ સાંથે ૫ : ૩૦ થી ૭:૩૦ દરમિયાન સ્પેશ્યલ વાન દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વસાહત, ડાગસીયાપરા જેવા એરિયામાં રોજ ૧૫૦ થી વધુ લોકોને ભોજન પીરસવામાં આવે છે. જેમાં રોટલી, શાક, ખીચડી અને છાશ આપવામાં આવે છે. જેની સામાન્ય કીમત ૫ રૂપિયા રાખવામાં આવેલ છે. જેથી ભોજન લેનારનું સ્વમાન જળવાય તે એકમાત્ર હેતુ છે અને જે લોકો આ રકમ. આપવા સક્ષમ નથી તેઓને વિનામૂલ્યે ભોજન આપવામાં આવે છે. અત્યાર સુધી ૬૫,૦૦૦ થી વધુ લોકોને ભોજન આપવામાં આવેલ છે.

**રોટરી સ્કીલ ડેવલોયમેન્ટ સેન્ટર**




વર્ષ ૨૦૨૪માં રોટરી ’સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરનું લોકાપર્ણ કરવામાં આવેલ. આ સેન્ટરમાં આર્થિક સયોગ ડીલક્ષ બેરીંગ લિમિટેડ દ્વારા મળેલ. આ સેન્ટરની અંદર વિદ્યાર્થીઓને શીખવા માટે જુદા જુદા વિષયનો - અભ્યાસક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સી.એન. સી. મશીન, ઓપરેટીંગ્સ, ડ્રાફ્ટ મેન મશીન, ઓફિસ આસિસન્ટ વગેરે સામેલ છે ટ્રેનિંગ પાર્ટનર તરીકે ‘સાપ વે ગ્રુપ’ - જોડાયેલુ છે. તથા. જોબ પ્લેસમેન્ટ માટે GIDC ઍસોસિયેશન, જોડાયેલુ છે. આના દ્વારા સમાજમાં યુવાનોને રોજગારી માટેની શક્યતાઓ ઉભી - કરવાનો પ્રયત્ન છે.

**મેમોગ્રાફી અને પેપ સ્મેયર કેમ્પ**

છેલ્લા ૯ વર્ષથી મેમોગ્રાફી અને પેપ સ્મેયર કેમ્પ રોટરી ક્લબ ઑફ વઢવાણ સીટી દ્વારા કરવામાં આવે છે. જેમાં બહેનોને થતા કેન્સરની તપાસ - નિઃશુલ્ક કરવામાં આવે છે, જેમાં અત્યાર સુદી ૨૦૦૦ થી વધુ બહેનોની તપાસ કરવામાં આવેલ છે.

રોટરી ક્લબ ઓફ વઢવાણ સીટી દ્વારા સુરેન્દ્રનગર શહેર થી ૧૫૦ કિલોમીટર દૂર ભાવનગર - પાસે આવેલા ટીંબી ગામમાં રહેલી નિર્દોષાનંદ માનવ સેવા, હોસપીટલમાં વર્ષ ૨૦૨૪ ના અંત સુધીમાં નીચેની સેવાઓ ઉપલબ્ધ કરવાનું કાર્ય ચાલુ કરેલ છે. જેમાં સી.ટી. સ્કેન મશીન, સોનોગ્રાફી મશીન, પેથોલોજી લેબ. તથા મેડીકલ સ્ટોરની સેવા નહી નફો નહી નુકશાન ના ધોરણે ચાલુ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ત્રણ કલબો દ્વારા સંયકત રીતે આયોજન કરવામાં આવેલ છે.

જેમાં રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ તથા રોટરી કલબ ઓફ સુરત મેટ્રો જોડાયેલા છે. આ પૂરા પ્રોજેકટની આશરે કીંમત ૫ કરોડથી વધુ થવા જઈ રહી છે. જેમાં મુખ્યત્વે સુરતના દાતાઓ, ટીબી હોસ્પિટલના દાતાઓ તથા અન્ય દાતાઓનો સહકાર મળી રહ્યો છે. રોટરી કલબ ઓફ વઢવાણ સીટી દ્વારા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીય પોગ્રામ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ થી ચાલુ કરવાનું - આયોજન, કરેલ છે. જેની અંદર બાળકોને વધુમાં વધુ રૂ. ૩૦,૦૦૦ ની આર્થિક સહાય મળશે તથા તે સહાય સીધી સ્કૂલમાં ફી સ્વરૂપે આપવામાં આવશે..

સત્યમેવ જયતે
Soham24
સોહમ્ ૨૪ સાપ્તાહિક
નવા વિચારોનું નવું માધ્યમ દર ગુરુવારે પ્રસિદ્ધ થતું
સુરેન્દ્રનગરનુ લોકલ અખબાર સોહમ 24 સાપ્તાહિક
ક્યુ .આર સ્કેન કરો પી.ડી.એફ ડાઉનલોડ કરો
સોહમ્ 24 ન્યૂઝ ઈ-પેપર
પી.ડી.એફ (PDF) ડાઉનલોડ કરો ફક્ત એક જ ક્લિકમાં
સોહમ્ 24 મા સાપ્તાહિક
જાહેરાત માટે નો કોન્ટેક નંબર 75750 20982
90333 00345 વોટ્સએપ પર
સોહમ 24 સાપ્તાહિક સમાચાર વાંચવા માટે આપેલ નંબર પર અત્યારે જ " Hi " લખી મેસેજ કરો
સોહમ્ 24 ન્યુઝની વધુ માહિતી માટે અમારી વેબસાઈટ પર વિઝીટ કરો
WWW.SOHAM24.COM

આપના ધંધા વ્યવસાયની
જાહેરાતનું સચોટ માધ્યમ
આપના બજેટમાં જ આપના ધંધાનો વિકાસ...
તો પછી રાહ કોની જુઓ છો..
આજે આપની જાહેરાત બુક કરાવો
અને મેળવો આકર્ષક લાભ...
75750 20982
સોહમ્ ૨૪ સાપ્તાહિક
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક,
રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.
Email : soham24info@gmail.com
www.soham24.com

OWNER, PRINTER & PUBLISHER, EDITOR : ROHITBHAI GHANSHYAMBHAI PARMAR, PRINTED AT ASHVJIT GRAPICM.J. GANDHI ROAD, SURENDRANAGAR, PUBLISHED FROM:Coz-way Road, Opp.Babu Nivash Wishvkarma Gas,Joravarnagar,tal.Wadhwan,Dist.SURENDRANAGAR (Gujarat)